નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date :3 DECEMBER 2024 | TUESDAY | Page :8 | Year : 2 | Issue :206 | Price: 2/-


સામના મિરર
Dt.02/12/2024 MONDAY 04
રાજકોટમાં શરદી - ઉધરસ, તાવ સહિત રોગચાળાના અઢી હજાર કેસ : ટાઈફોઈડનો ફફડાટ
ડેંગ્યુના નવા માત્ર આઠ કેસ જાહેર : સપ્તાહમાં પાણીજન્ય અને ખોરાકજન્ય રોગચાળાનું પણ નિદાન વધુ થયું : ગુલાબી ઠંડીના પ્રારંભે હજુ ઘરે ઘરે માંદગીના ખાટલા જેવું ચિત્ર
મધ્યમવર્ગનું બજેટ ખોરવાશે! શાકભાજીના ભાવમાં વધારો ઝીંકાયો, ઉંધિયાનો ચટાકો મોંઘો પડશે
ગોંડલ માર્કેટિંગ યાર્ડ ડુંગળીની આવકથી ફરી ઉભરાયું

રાજકોટમાં શરદી - ઉધરસ, તાવ સહિત રોગચાળાના અઢી હજાર કેસ : ટાઈફોઈડનો ફફડાટ

જુઓ પેજ નં.૪

# ડોલર સામે રૂપિયો ફરી નબળો

## મોંઘવારીમાં ઝડપથી વધારો થશેઃ ૮૪.૭૧ના નવા તળીયે



મુંબઈ : કરન્સી બજારમા રૂપિયા સામે ડોલરના ભાવમાં ઈન્ટ્રાડે રેકોર્ડ તેજી ઝડપી ગતિએ આગળ વધતાં ૮૪.૫૧ નવા નીચા તળિયે ઉતરી ગયો હતો. રૂપિયો તૂટતાં દેશમાં આયાત થતી ક્રૂડતેલ સહિતની વિવિધ ચીજો મોંઘી બનવાની તથા ઈમ્પોર્ટ કોસ્ટ વધતાં ઘરઆંગણે ફુગાવો તથા મોંઘવારી વધુ ઉંચે જવાની ભીતિ બજારના જાણકારો બતાવી રહ્યા હતા.ડોલરના ભાવ રૂ.૮૪.૫૦ વાળા શનિવારે બંધ બજારે વધી રૂ.૮૪.૫૯થી ૮૪.૬૦ બોલાયા હતા તે આજે સવારે રૂ.૮૪.૫૮ તુટયા પછી ઉંચામાં ભાવ રૂ.૮૪.૭૧ થઈ છેલ્લે બંધ ભાવ રૂ.૮૪.૭૦ રહ્યા હતા. ડોલરના ભાવ રૂપિયા સામે આજે નવી ઉંચી રેકોર્ડ સપાટીએ પહંચતા રૂપિયામાં વ્યાપક ધોવાણ જોવા મળ્યું હતું. શેરબજાર ઉંચકાવા છતાં રૂપિયો ગબડતો જોવા મળ્યો હતો. ભારતમાં જીડીપીના આંકડા નબળા આવતાં તથા જીએસટીની આવકમાં પણ ઘટાડો નોંધાતાં કરન્સી બજારમાં રૂપિયા પર દબાણ વધ્યાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે બ્રીક દેશો સામે ઉગ્ર ટેરીફનું શસ્ત્ર ઉગામવાનો સંકેત આપતાં વિશ્વ બજારમાં વિવિધ પ્રમુખ કરન્સીઓ સામે ડોલરનો ઈન્ડેક્સ ઉંચકાયો હતો. અમેરિકામાં આ સપ્તાહમાં બહાર પડનારા જોબ માર્કેટના આંકડાઓ પર હવે બજારના ખેલાડીઓની નજર રહી હતી. ડિસેમ્બરમાં અમેરિકાના ફેડરલ રિઝર્વની મળનારી મિટિંગમાં હવે વ્યાજના દરમાં કેટલો ઘટાડો કરવામાં આવે છે તેના પર પણ નજર રહી હતી. મુંબઈ બજારમાં આજે રિઝર્વ બેન્કની કહેવાતી સુચનાથી અમુક સરકારી બેન્કો ઉછાળે ડોલર વેચતી જોવા મળી હતી અને તેના પગલે રૂપિયો વધુ તૂટતો અટક્યો હતો.

### પાઉન્ડ ઉંચકાયો : સરકારી બેન્કોની ડોલરમાં વેચવાલી છતાં રૂપિયામાં વ્યાપક ધોવાણ : ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ પણ ઉંચકાયો

# ખેડૂતોની દિલ્હી કૂચથી મોટો ટ્રાફિકજામ, બેરીકેડ તોડી, કિસાનો-જવાનો સામસામે

## દિલ્હી બોર્ડર પર ૪૦૦૦થી વધુ જવાનો તૈનાતઃ ખેડૂતોએ કન્ટેનર પર ચડીને દેખાવો કર્યાઃ ખેડૂતોની ૧૦ ટકા વસ્તી ભૂખંડ, ૬૪ ટકાથી વધુ વળતર સહિતની માંગઃ ભારે ટ્રાફિકજામથી અનેક વાહનો ફસાયાઃ લોકો પરેશાન

નવીદિલ્હી તા.૨

ભારતીય કિસાન સંઘના ખેડુતોએ પોતાની વિભિન્ન માંગોને લઈને દિલ્હીમાં સંસદ તરફ કૂચ દરમિયાન દલિત પ્રેરણા સ્થળ પર બેરીકેડીંગ તોડી હતી. બીજી બાજુ બોર્ડર સીલ કરી દેવામાં આવી છે અને ૪ હજારથી વધુ જવાનો ઘટના સ્થળે તૈનાત કરી દેવામાં આવ્યા છે. ખેડુતો નોઈડાના મહામાયા ફલાઈ ઓવર પર એકત્ર ખેડુતોના કારણે દિલ્હી નોઈડા બોર્ડર પર સવારથી જ અનેક કિલોમીટર લાંબા ટ્રાફીક જામ થઈ ગયો છે.વિભિન્ન કિસાન સંગઠનોના નેતૃત્વમાં દેખાવકારોએ નોઈડામાં દલિત



પ્રેરણા સ્થળે વિરોધ પ્રદર્શનો કર્યા હતા. સુરક્ષા કર્મીઓએ તેમને દિલ્હીમાં પ્રવેશની મંજૂરી નહોતી આપી. પોલીસે દેખાવકારોને વેરવિખેર કરવા માટે વોટર કેનન પણ તૈયા રાખી છે. દલિત પ્રેરણા સ્થળના ગેટ નં.૧ પર પોલીસ અને ખેડૂતો સામસામે આવી ગયા હતા.સુરક્ષા કર્મીઓએ લગભગ અડધા કલાક સુધી ખેડુતોને રોકયા હતા પણ રોકાયા નહોતા બાદમાં પોલીસ પાછળ હટતા ખેડૂતો દિલ્હી તરફ આગળ વધ્યા હતા. દેખાવમાં સામેલ ખેડુતોએ જણાવ્યું હતું કે સરકાર અને અધિકારીએ પાસે અમારી માંગો પૂરી કરવાનો પૂરતો સમય છે.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.03/12/2024 TUESDAY




## તંત્રી લેખ
–રાજેશ યુ. બગડાઈ

# ત્રીજા વિશ્વ યુદ્ધનો પ્રારંભ ?



રશિયા યુક્રેન સાથે યુધ્ધમાં વ્યસ્ત છે અને ઈરાન ઈઝરાયલ સામે જંગ માંડીને બેઠું છે તેનો લાભ લઈને સીરિયામાં તુર્કીની મદદથી નવા રચાયેલા કટ્ટરવાદી મુસ્લિમોના સંગઠને હલ્લાબોલ કરીને સીરિયાનું બીજા નંબરનું સૌથી મોટું શહેર એલેપ્પો કબજે કરી લીધું છે. રશિયા-ઈરાન માટે સીરિયા વટનો સવાલ છે તેથી સફાળા જાગેલા રશિયા-ઈરાને સીરિયામાં ભમાભમ બોમ્બમારો કરવા માંડયો છે. ઈઝરાયેલી એરફોર્સે કટ્ટરવાદી સંગઠન હિઝબુલ્લાહના અડ્ડા પર હુમલા શરૂ કર્યા છે. રશિયા બશરના વિરોધીઓને સાફ કરવા મથી રહ્યું છે જ્યારે ઈઝરાયલ રશિયાના સાથી એવા ઈરાનના પીઠ્ઠુ હિઝબુલ્લાહના આતંકવાદીઓનો સફાયો કરી રહ્યું છે. તેથી સીરિયામાં ત્રિપાંખિયો જંગ જામ્યો છે.

ઈઝરાયલ અને હમાસ યુદ્ધમાં હમણાં યુદ્ધવિરામ છે ત્યાં સીરિયા સળગ્યું છે. સીરિયામાં ૨૦૦૦ની સાલથી સત્તા પર કબજો કરને બેઠેલા પ્રમુખ બશર અલ-અસદને હટાવવા લાંબા સમયથી જંગ ચાલે છે પણ રશિયા અને ઈરાન અસદને મદદ કરે છે તેથી અલ કાયદા, ઈસ્સામિક સ્ટેટ સહિતનાં સંગઠનો ભેગાં મળીને પણ અસદને હટાવી શકતાં નથી. રશિયા હમણાં યુક્રેન સાથે યુધ્ધમાં વ્યસ્ત છે અને ઈરાન ઈઝરાયલ સામે જંગ માંડીને બેઠું છે તેનો લાભ લઈને સીરિયામાં તુર્કીની મદદથી નવા રચાયેલા કટ્ટરવાદી મુસ્લિમોના સંગઠને હલ્લાબોલ કરીને સીરિયાનું બીજા નંબરનું સૌથી મોટું શહેર એલેપ્પો કબજે કરી લીધું છે.

રશિયા, ઈરાન અને અમેરિકા ત્રણેય માટે સીરિયા મહત્વનું છે. અમેરિકાના સીરિયામાં ચણાય નથી આવતા પણ રશિયા-ઈરાન માટે સીરિયા વટનો સવાલ છે તેથી સફાળા જાગેલા રશિયા-ઈરાને સીરિયામાં ભમાભમ બોમ્બમારો કરવા માંડયો છે. રશિયન લશ્કરે બશરના વફાદાર સીરિયન આર્મી સાથે મળીને સીરિયાના અલેપ્પો અને ઇદલિબમાં આગળ વધી રહેલા બળવાખોરો અને જેહાદીઓ પર હવાઈ હુમલા શરૂ કર્યા તેના કારણે તબાહી સર્જાઈ રહી છે ત્યાં ઈઝરાયેલી એરફોર્સે કટ્ટરવાદી સંગઠન હિઝબુલ્લાહના અડ્ડા પર હુમલા શરૂ કર્યા છે તેથી સીરિયામાં ત્રિપાંખિયો જંગ જામ્યો છે.

રશિયા બશરના વિરોધીઓને સાફ કરવા મથી રહ્યું છે જ્યારે ઈઝરાયલ રશિયાના સાથી એવા ઈરાનના પીઠ્ઠુ હિઝબુલ્લાહના આતંકવાદીઓનો સફાયો કરી રહ્યું છે. બશરના વિરોધીઓની આગેવાની હયાત તહરિર અલ-શામ (ઈઝજ) નામના સંગઠને લીધી છે. આ સંગઠન સીરિયામાં અલ કાયદા સાથે જોડાયેલું હતું. પહેલાં તેનું નામ અલ-નુસરા ફ્રન્ટ હતું પણ એ બદલીને નવું નામ અપાયું છે.

અલ કાયદા અને ઈસ્લામિક સ્ટેટ સહિતનાં સંગઠનો તેને મદદ કરી રહ્યાં છે પણ આ સંગઠન ઈઝરાયલનું પણ વિરોધી હોવાથી ઈઝરાયલ તેનો પણ ખુરદો બોલાવી રહ્યું છે. ઈઝરાયલ અને રશિયન હવાઈ હુમલામાં સેંકડો લોકો માર્યા ગયા છે જ્યારે બશરનાં વિરોધી દળો જમીન પર બશરના વફાદાર સૈનિકો અને લોકોની પણ કત્લેઆમ કરી રહ્યાં છે. આ કારણે સીરિયામાં લોહીની નદીઓ વહી રહી છે.

સીરિયામાં ઈરાનના સૈનિકો પહેલેથી હાજર છે. ઈરાન સીરિયાના લશ્કરને શસ્ત્રો ને બીજી મદદ તો આપે જ છે પણ પોતાના લશ્કરને પણ ત્યાં મોકલ્યું છે. ઈરાનનું લશ્કર રીવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ કહેવાય છે. આ લશ્કરમાંથી એકદમ ઝનૂની સૈનિકોને પસંદ કરીને સ્પેશિયલ ફોર્સ બનાવાઈ છે. તેનું નામ અલ ક્વેદ રખાયું છે. આ અલ-ક્વેદના હજારો સૈનિકો સીરિયામાં ધામા નાંખીને પડયા છે. સીરિયાની રાજધાની દમાસ્કસ ફરતે ઈરાનનું લશ્કર ધામા નાંખીને પડયું છે. દમાસ્કસની આસપાસ તેમણે વોચ ટાવરથી માંડીને બંકરો સુધીનું બધું તાણી બાંધ્યું છે.

# કાશ્મીરમાં હિમવર્ષાને કારણે હવામાન બદલાયું : રોહતાંગમાં પ્રવાસીઓ ઉમટી પડ્યાં



શ્રીનગર : કાશ્મીરના પહાડી વિસ્તારોમાં શનિવારે હિમવર્ષા થઈ હતી, જ્યારે મોટાભાગનાં સ્થળોએ રાત્રિનું તાપમાન શૂન્ય ડિગ્રી સેલ્સિયસથી ઉપર રહ્યું હતું. તે જ સમયે, હિમાચલ પ્રદેશમાં મનાલી નજીક રોહતાંગના ઊંચા શિખરો પર શનિવારે બપોરે હળવી હિમવર્ષા થઈ હતી. રોહતાંગ ટોપ પર પહોંચ્યાં બાદ પ્રવાસીઓએ મોજ મસ્તી કરી હતી. દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લાનાં પહેલગામમાં સિઝનની પ્રથમ હિમવર્ષા થઈ હતી. એ જ રીતે, ગુલમર્ગ અને સોનમર્ગ જેવાં અન્ય લોકપ્રિય પર્યટન સ્થળો પર પણ હિમવર્ષા નોંધાઈ હતી. ગુરેજ, ઝોજિલા પાસ અને અન્ય ઊંચાઈવાળા વિસ્તારોમાંથી પણ હિમવર્ષાના અહેવાલો છે. ઝોજિલા પાસ પર હિમવર્ષાના કારણે શ્રીનગર-લેહ હાઈવે બંધ કરી દેવામાં આવ્યો છે.રવિવારે આંશિક વાદળછાયું આકાશ અને ઉપરનાં વિસ્તારોમાં હળવો વરસાદ અને હિમવર્ષા થઈ હતી. તે જ સમયે, ૨જી અને ૩જી ડિસેમ્બરે પણ ઉપરનાં વિસ્તારોમાં હળવો વરસાદ અથવા હિમવર્ષા થવાની સંભાવના છે. આ પછી, ૪ થી ૭ ડિસેમ્બર સુધી હવામાન સામાન્ય રીતે શુષ્ક રહેશે, જ્યારે ૮ ડિસેમ્બરે કેટલાક સ્થળોએ હળવો વરસાદ અથવા હિમવર્ષા થઈ શકે છે.

# આગામી વર્ષે પ્રારંભમાં જ રશિયાના રાષ્ટ્રપતિ પુટિન ભારત આવશે




નવી દિલ્હી, તા.૨

આ વર્ષે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બે મોસ્કો યાત્રા બાદ હવે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદીમીર પુટિન આવતા વર્ષે પ્રારંભમાં ભારતની મુલાકાત લેશે. વડાપ્રધાને શ્રી પુટિનને આપેલું આમંત્રણ સ્વીકારાય ગયું છે અને હવે બંને દેશો આ મુલાકાત અંગે તારીખ નક્કી કરશે. સુત્રોના જણાવ્યા મુજબ સંભવતઃ શ્રી પુટિન તા.૨૬ જાન્યુઆરીમાં પ્રજાસત્તાક દિનની પરેડમાં પણ મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી શકે છે. ભારત ૭૫મો પ્રજાસત્તાક દિન મનાવશે અને તેથી તે ઉજવણી વિશેષ બની રહેશે. યુક્રેન અને રશિયાના યુધ્ધ બાદ પુટિનના પ્રથમ ભારત પ્રવાસ છે. ખાસ કરીને જે રીતે આ યુદ્ધમાં સંડોવાયેલા બંને દેશોએ ભારત મધ્યસ્થતા કરી શકે છે તેવી જે અપીલ કરી હતી તે બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુક્રેનની પણ મુલાકાત લીધી હતી. સુત્રોના જણાવ્યા મુજબ આવતા વર્ષે અમેરિકામાં સત્તા સંભાળનાર રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પણ ભારત આવી રહ્યા છે. ક્વાડ દેશોની શિખર પરિષદ પણ ભારતમાં મળનાર છે અને તેમાં ટ્રમ્પ હાજરી આપે તેવી શક્યતા વધુ છે.

# રાજકોટ ઠંડીમાં ઠુઠવાયું સિઝનની ૧૩.૪ ડિગ્રી ઠંડી

## નલિયામાં ૧૨ ડિગ્રી, પોરબંદર, વડોદરા અને ડિસામાં ૧૪ ડિગ્રી : સૌરાષ્ટ્ર – કચ્છમાં ઠંડીની તિવ્રતા વધી



રાજકોટ, તા. ૨

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં હવે શિયાળો જામવા લાગ્યો છે અને ઠંડીનું પ્રમાણ પણ વધવા લાગ્યું છે. રાજકોટ શહેરમાં આજે ચાલુ સિઝનની સૌથી વધુ ૧૩.૪ ડિગ્રી, ઠંડી નોંધાતા નગરજનોએ તીવ્ર ઠંડીનો અહેસાસ કર્યો હતો. આ ઉપરાંત આજે ગિરનાર પર્વત પણ ઠંડોબોળ થઇ જતા પ્રવાસીઓ ઠુઠવાયા હતા.

જ્યારે આજરોજ નલિયા ખાતે ૧૨ ડિગ્રી, અમદાવાદ ૧૬.૨, વડોદરામાં ૧૪.૬, ભાવનગરમાં ૧૭.૪, ભુજમાં ૧૫.૬, દમણમાં ૨૦.૬, ડિસામાં ૧૪.૩, દિવમાં ૧૬.૮, દ્વારકામાં ૧૮.૬, કંડલામાં ૧૮.૬, પોરબંદરમાં ૧૪.૫, સુરતમાં ૨૧.૯ અને વેરાવળ ખાતે ૧૮.૮ ડિગ્રી, લઘુતમ તાપમાન નોંધાયુ હતું.

દરમ્યાન ગઇકાલે ડિસેમ્બર માસનો પ્રારંભે જુનાગઢ અને જીલ્લામાં ઠંડીનો પારો નીચે ગગડી જવા પામતા શિયાળાનો મિજાજનો અનુભવ થવા પામ્યો છે. ઠંડીનો પારો ૨.૯ ડિગ્રી વધુ નીચે આવતા લઘુતમ તાપમાન ૧૨.૪ ડિગ્રી રહેવા પામ્યું હતું. ગિરનાર પર્વત ઉપર ૭.૩૫ ડિગ્રીએ પારો નીચે આવી જતા ઠંડીનો માહોલ છવાઇ જવા પામ્યો છે. યાત્રીકો પ્રવાસીઓએ રવિવારની રજાનો આલ્હાદક વાતાવરણનો લાભ લીધો હતો. સાથે હીમ જેવો ઠંડો પવન ફુંકાતા વાતાવરણ ઠંડુગાર થવા પામતા પર્યટકોએ ગિરનારના રોપવેને બદલે પગથિયા ઉતરી આલ્હાદક વાતાવરણ અને લીલીછમ વનરાઇઓ, ઝરણાનો કુદરતી નઝારો મળ્યો હતો. મહતમ તાપમાન ૨૬ ડિગ્રીએ અને લઘુતમ તાપમાનની ૧૨.૩ ડિગ્રી નોંધાયું હતું.

જ્યારે જામનગરમાં આજે લઘુત્તમ તાપમાન ઘટીને ૧૪ ડિગ્રી નોંધાતા વાતાવરણ ઠંડુગાર રહ્યું હતું. મહત્તમ તાપમાનમાં ૨૭.૫ ડિગ્રીએ અને ભેજના પ્રમાણમાં ૨ ટકાનો વધારો નોંધાયો હતો. સુસવાટા મારતા પવનના કારણે સવારે અને રાત્રીના ઠંડીમાં વધારો થયો છે.વડવા ઉત્તર ભારતમાં હિમવર્ષા બાદ સહિત તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. તાપમાનમાં થઈ રહેલી વધ-ઘટ વચ્ચે શહેરમાં ૪૮ કલાકમાં ૧.૫ ડિગ્રીના ઘટાડા સાથે લઘુતમ તાપમાન ૧૪ ડિગ્રી અને મહતમ તાપમાન ૨૭.૫ ડિગ્રી નોંધાયું હતું.વાતાવરણમાં ભેજનું પ્રમાણમા ૨ ટકાનો વધારો થતાં ૫૮ ટકા પહોચ્યું હતું.જ્યારે સુસવાટા મારતા પાવનની ગતિ પ્રતિકલાક ૪.૬ કિમિ નોંધાઇ હતી.

જુનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા તા.૪ ડિસેમ્બર સુધી જામનગરમાં મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૭ થી ૧૮ ડિગ્રી વચ્ચે રહેવાની આગાહી કરી છે. જયારે પવનની ગતિ ૯ થી ૧૩ કીમી પ્રતિકલાક અને ભેજનું પ્રમાણ ૬૫ ટકા રહેવાની શક્યતા છે. આ સમયગાળામાં શિયાળુ પાક ચણા, લસણ, ઘઉં, જીરું, ધાણા, ડુંગળી, મેથી વગેરેનું વાવેતર સમયસર પૂર્ણ કરવું.

# જૂની કલેકટર કચેરીના ઝોનલ કેન્દ્રમાં વીજળી ગુલ બનતા રેશનકાર્ડ - E- KYC ની કામગીરી ઠપ્પ થતા હોબાળો

## પ્રાંત અધિકારી ચાંદની પરમારે તાબડતોડ કેન્દ્ર પર દોડવું પડયુઃ ધકકા ખાવા છતા કામ નહીં થતા કેટલાક અરજદારો રડી પડયાઃ અંતે તંત્ર દ્વારા ટોકન સીસ્ટમ અમલીઃ વાયરલ વીડીયોના મામલે કલેકટર દ્વારા તપાસના આદેશ



રાજકોટ,તા.૨

શહેરની જુની કલેકટર કચેરીના કંમ્પાઉન્ડમાં આવેલ ઝોનલ કેન્દ્રમાં આજે ઉઘડતી કચેરીએ જ વીજળી ગુલ થતા જ રેશનકાર્ડ ઈ.કેવાયસી રેશનકાર્ડમાં નામ ઉમેરવા-કમી કરાવવા સહિતની કામગીરી ઠપ્પ બની જતા હોબાળો બોલી જવા પામેલ હતો.

જેના પગલે પ્રાંત અધિકારી ચાંદની પરમારને તાબડતોબ આ ઝોનલ કચેરી ખાતે દોડી જવું પડયું હતું.અહીં એ ઉલેખનીય છે કે આ કચેરીમાં બે-ત્રણ દિવસ પહેલા પણ રેશનકાર્ડ ઈ.કે.વાયસીના મામલે દેકારો જવા પામેલ હતો.જેમાં અરજદારોએ આ કચેરીમાં રેશનકાર્ડ ઈ.વાયસી અને રેશનકાર્ડમાં નામ ચડાવવા કમી કરાવવા માટે એજન્ટો રૂ.૬૦૦ - ૬૦૦ના ઉઘરાણા કરતા હોવાનો આક્ષેપ પણ કર્યો હતો.

આ અંગેનો વિડીયો વાયરલ થતા આ મામલે જિલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા આદેશ કરવામાં આવેલ હતાં. જે બાદ આજે આ કેન્દ્રમાં વીજળી ગુલ થતા અને સર્વર ધીમું ચાલતા કામગીરી ઠપ્પ બની જતા અરજદારોમાં રોષ ભભૂકી ઉઠયો હતો જે વારંવાર ધક્કા ખાવા છતા આ કચેરીમાં કામ નહી થતા કેટલાક અરજદારો આજે રડી પડયા હતાં.

અરજદારો મીડિયા સમક્ષ રડી પડ્યા હતા અને જણાવ્યું હતું કે, અમે છેલ્લા એક અઠવાડિયા નોકરીમાં રજા રાખી ધક્કા ખાઈ રહ્યા છે. છતાં પણ અમારું કામ થતું નથી આજે સવારે કચેરી આવ્યા ત્યાં વીજળી ના હોવાનું જણાવવામાં આવ્યું છે અને સાંજે ૪:૦૦ વાગ્યે આવવાનું કહ્યું છે ત્યારે અમે આખો દિવસ ધંધા રોજગાર બંધ રાખી અને કચેરી ખાતે આવ્યા છે.

અમારી પાસે રોજ રોજ ૧૦૦ રૂપિયાથી રીક્ષા ભાડાવવાના રૂપિયા પણ નથી.અધિકારીઓને માત્ર રૂપિયામાં જ રસ છે. હમણાં એજન્ટ મારફત ૬૦૦ આપ્યા તો અમારું કામ સાંજ સુધીમાં થઈ જાય છે. પરંતુ અમારી પાસે આપવાના રૂપિયા નથી અમારી મજબૂરી છે. અને રીતસરના અરજદારો રડી પડ્યા હતા.

પોતાની વ્યથા ઠાલવી હતી.ઝોન કચેરીના નાયક મામલતદાર અરવિંદ રૈયાણી જણાવ્યું હતું કે, એક અઠવાડિયાથી સર્વર ડાઉન છે. અને તેમની જાણ અમે સરકારને પણ કરી છે.

આજે વીજળી ન આવવાના કારણે ઊ- સુભ સહિતની કામગીરી ખોરવાય છે સર્વર ધીમી ચાલી રહી છે. અમે પુરવઠા વિભાગને ઘણો સમય પહેલા રજૂઆત કરી દીધી છે.અને આજથી અરજદારોને ૧૫૦ જેટલા ટોકનો આપવાની શરૂઆત કરી દીધી છે.

# રાજકોટમાં શરદી - ઉધરસ, તાવ સહિત રોગચાળાના અઢી હજાર કેસ : ટાઈફોઈડનો ફફડાટ

## ડેંગ્યુના નવા માત્ર આઠ કેસ જાહેર : સપ્તાહમાં પાણીજન્ય અને ખોરાકજન્ય રોગચાળાનું પણ નિદાન વધુ થયું : ગુલાબી ઠંડીના પ્રારંભે હજુ ઘરે ઘરે માંદગીના ખાટલા જેવું ચિત્ર

રાજકોટ, તા. ૨

રાજકોટમાં હવે ફુલગુલાબી ઠંડી શરૂ થઇ છે ત્યારે સીઝનલ રોગચાળાના દર્દીઓમાં કોઇ ઘટાડો દેખાતો નથી. છેલ્લા અઠવાડિયામાં આવા રોગચાળાના અઢી હજાર જેટલા કેસ નોંધાયા છે. જેમાં લાંબા સમય બાદ એક સાથે ખતરનાક તાવ ટાઇફોઇડના પણ એક સાથે અર્ધો ડઝન દર્દી ચોપડે ચડયા છે. તો ડેંગ્યુ હવે એક આંકડામાં આવ્યો છે.



મનપાની આરોગ્ય અને મેલેરીયા શાખાએ જાહેર કરેલી વિગત મુજબ તા.૨૫-૧૧થી ૧-૧૨ સુધીના અઠવાડિયામાં મેલેરીયાનો એક, ડેંગ્યુના ૮ અને ચીકનગુનીયા બે કેસની નોંધ થઇ છે. ડેંગ્યુના ચાલુ વર્ષમાં કુલ કેસ પોણા ચારસોને વટાવી ગયા છે.

સીઝનલમાં શરદી-ઉધરસ અને તાવના વાયરા ચાલુ છે. અઠવાડિયામાં શરદી-ઉધરસના નવા ૧૨૬૭ અને સામાન્ય તાવના ૯૪૨ દર્દીની નોંધ થઇ છે. ઝાડા-ઉલ્ટીના ૧૯૬ કેસ પણ નોંધાયા છે. દુષિત પાણી કે વાસી જેવા ખોરાક આરોગવાથી પેટના આંતરડાને ભયંકર નુકસાન કરતા ટાઇફોઇડના છુટક કેસ આવતા હોય છે.

આ અઠવાડિયે એક સાથે છ દર્દી નોંધાયા છે. આ સાથે ચાલુ વર્ષમાં મેલેરીયાના કુલ દર્દીઓનો આંકડો ૯૧ પર પહોંચી ગયો છે. આ વર્ષે અગાઉના વર્ષની સરખામણીમાં વધુને વધુ હોસ્પિટલોમાંથી વાસ્તવિકતાની નજીક હોય તેટલા આંકડાના રીપોર્ટીંગ મનપા લઇ રહી છે તે ઉલ્લેખનીય છે.

મેલેરીયા શાખા જણાવે છે કે મચ્છરોની પુનઃ ઉત્પત્તિ ઝડપી હોવાથી તેનો ફેલાવો થોડા સમયમાં ખૂબ ઝડપથી થાય છે. ખાસ કરીને શહેરી વિસ્તારોમાં લોકોમાં સાફસફાઈના અભાવ, પોતાના સ્વાસ્થય પ્રત્યે બેદરકારી અને માનવીય બેદરકારીથી મચ્છરની ઉત્પતિ ઘણી વધી જાય છે. આરોગ્ય તંત્ર દ્વારા ડેંગ્યુ, મેલેરિયા, ચિકુનગુનિયા વગેરે જેવા રોગોને નિયંત્રિત કરવા માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે.

વાહક નિયંત્રણની કામગીરી હેઠળ અઠવાડિયામાં આરોગ્ય કેન્દ્રના આશાવર્કર તથા વી.બી.ડી. વોલેન્ટીયર્સ સહિત ની ૩૬૦ ટીમો દ્વારા ૮૯,૨૦૨ ઘરોમાં પોરાનાશક અને ફિલ્ડવર્કરો દ્વારા ૫૬૪૦ ઘરોમાં ફોગીંગ કામગીરી કરવામાં આવી છે. મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારોમાં વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીન ફોગીંગ કામગીરી કરવામાં આવે છે. તથા સંવેદનશીલ સોસાયટી, મુખ્ય મંદિરો, બગીચા, ખુલ્લા પ્લોટ, સરકારી શાળાઓ, જાહેર રસ્તાઓ તથા વધુ માનવસમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવેલ છે.જુદા જુદા વિસ્તારમાં રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશયલ કોમ્પલેક્સ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં રહેણાક સિવાય અન્ય ૬૦૨ મિલ્કતોમાં તપાસ કરવામાં આવી હતી.

# મધ્યમવર્ગનું બજેટ ખોરવાશે! શાકભાજીના ભાવમાં વધારો ઝીંકાયો, ઉંધિયાનો ચટાકો મોંઘો પડશે

શિયાળામાં આ વખતે સ્વાદપ્રેમીઓને ઉંધિયાનો ચટાકો મોંઘો પડી શકે છે. વાત એમ છે કે, કમોસમી વરસાદથી શાકભાજીની કિંમતમાં રૂપિયા ૧૦થી રૂપિયા ૨૦નો વધારો થયો છે. સામાન્ય રીતે શિયાળો શરુ થતાં શાકભાજીની આવક શરુ થઈ જતી હોય છે. શિયાળામાં શાકભાજીના ભાવ ઓછા રહેતા હોય છે. પરંતુ આ વખતે હજુ શાકભાજીના ભાવ આસમાને છે.



શાકભાજીના ભાવને કારણે મધ્યમ વર્ગ પરેશાન છે. અમદાવાદમાં વટાણા, મેથી, ગાજર અને તુવેરનો ભાવ ૧૦૦ રૂપિયા પ્રતિ કિલોની આસપાસ છે. ટામેટા અને ડુંગળી ૮૦ રૂપિયા પ્રતિ કિલો મળી રહ્યા છે. આ સિવાય ગુવાર, ભીંડા, મરચાં સહિત અન્ય શાકભાજીના ભાવ પણ ખૂબ વધારે છે. મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશમાંથી મોટા પ્રમાણમાં લસણની આયાત થાય છે. પરંતુ આ વર્ષે કમોસમી વરસાદને પગલે આ બંને રાજ્યોમાં પણ લસણનું ઉત્પાદન ઓછું થયું છે.જૂના લસણનો સ્ટોક પૂરો થવા આવ્યો છે જ્યારે નવું ઉત્પાદન ઓછું હોવાથી બજારમાં માલની આવક ઘટી છે. શિયાળાને પગલે લસણની માગ વધી છે અને બજારમાં તેનો પુરવઠો સતત ઘટી રહ્યો છે. સૂકા લસણની કિંમત ઓનલાઇન હાલ રૂપિયા ૬૦૦ની આસપાસ પહોંચી છે. રાજકોટ સહીત સૌરાષ્ટ્રભરમાં પાછોતરો વરસાદ પડતા તેની અસર ખેતરમાં ઉભેલા પાક ઉપર થઇ છે. વરસાદના કારણે મબલખ ઉત્પાદન થવા થતા ગુણવતામાં અસર થતા તેની અસર ભાવ ઉપર પડી છે. છેલ્લા ઘણા સમયથી મધ્યમ પરિવાર માટે આશીર્વાદ સમાન ગણાતા ટમેટા અને ડુંગળીના ભાવ આસમાને પહોંચી ગયા છે.

# ગોંડલ માર્કેટિંગ યાર્ડ ડુંગળીની આવકથી ફરી ઉભરાયું



ગોંડલઃ સૌરાષ્ટ્રનું અગ્રીમ ગણાતું ગોંડલ માર્કેટિંગ યાર્ડ ફરી ડુંગળીની આવકથી ઉભરાઈ જવા પામ્યું છે. યાર્ડની બહાર બન્ને બાજુ ગઈકાલે ડુંગળીના વેચાણ માટે ૨થી ૩ કિલોમિટર લાંબી વાહનોની કતાર લાગી જવા પામી હતી. ગત રાત્રીના સમયે ગોંડલ માર્કેટ યાર્ડમાં ડુંગળીની આવક શરૂ કરવામાં આવી હતી. યાર્ડમાં ડુંગળીના ૧.૨૫ લાખ કટ્ટાની આવક નોંધાઈ છે. જેથી હાલ યાર્ડમાં ડુંગળી રાખવાની જગ્યા ના હોવાથી ડુંગરીની આવક બંધ કરવામાં આવી છે.

સમગ્ર સૌરાષ્ટ્રમાંથી ખેડૂતો પોતાની જણસી વેચવા ગોંડલ માર્કેટીંગ યાર્ડમાં આવતા હોય છે. ત્યારે આ વખતે હરાજીમાં ડુંગળીના ૨૦ કિલોના ભાવ રૂ.૨૦૦/- થી રૂ. ૧૦૦૦/- સુધીના બોલાયા હતા. ડુંગળીના સારા ભાવ બોલાતા ખેડૂતોમાં ખુશી વ્યાપી ગઈ હતી. જેથી ડુંગરીના વેચાણ માટે યાર્ડ બહાર વાહનોની લાંબી લાઇનો હતી અને ડુંગળીની ભરપૂર આવક થવા પામી છે. ત્યારે હવે જ્યાં સુધી યાર્ડના સત્તાધીશો દ્વારા ડુંગળીની આવકને લઈ અન્ય જાહેરાત ન કરવામાં આવે ત્યાં સુધી આવક બંધ કરવામાં આવી છે.

# જીએસટી કૌભાંડ : RK એન્ટરપ્રાઈઝના રેનીશ પટેલની ધરપકડ : ૭ પેઢી સામે નવી ફરિયાદ

## ૭૯ લાખની ક્રેડિટ મેળવી હતી, રેનીશ બિલ્ડરોને માલ સપ્લાય કરવાનો ધંધો કરે છે તેણે એકલાએ ૧૧ લાખ ક્રેડિટ મેળવી

રાજકોટ, તા. ૨

રાજકોટમાં અગાઉ ૧૫ પેઢી સામે બોગસ કંપની અને બોગસ બિલ બનાવી જીએસટી ચોરી કર્યાની ફરિયાદ થઈ હતી. જે પછી હવે આર. કે. એન્ટરપ્રાઈઝના રેનીશ

મનસુખ પટેલની ધરપકડ થઈ છે. જે અંગે ૭ પેઢી સામે નવી ફરિયાદ નોંધાઈ છે. તેમાં કુલ ૭૮ લાખની ક્રેડિટ મેળવી હોવાનું સામે આવેલ છે. રેનીશ બિલ્ડરોને માલ સપ્લાય કરવાનો ધંધો કરે છે, તેણે એકલાએ ૧૧ લાખ ક્રેડિટ મેળવી હોવાનું તપાસમાં ખુલ્યું છે.

આ પહેલા સેન્ટ્રલ જીએસટી કચેરી રાજકોટના સુપ્રિટેન્ડેન્ટ જયપ્રકાશસિંહ રામચંદ્રસિહએ રાજકોટ ડીસીબી પોલીસ સ્ટેશનમાં છ દિવસ પૂર્વે પૂર્વે ૬૧.૩૮ લાખની જીએસટી ચોરી અંગે મહેશ લાંગા હસ્તકની ૧૪ જેટલી પેઢીઓ સામે ફરિયાદ




નોંધાવી હતી. આ તપાસ ડીસીપી ક્રાઈમ ડો.પાર્થરાજસિંહ ગોહિલના માર્ગદર્શન હેઠળ પીઆઇ એસ. એમ. જાડેજા અને ઈઓડબ્લ્યુ શાખાની ટીમ કરી રહી હતી.

તે દરમ્યાન ફરી ૭ બોગસ પેઢીઓ સામે આવી હતી. જેથી ૭૯,૨૦,૩૯૮ રૂપિયાની છેતરપીંડી અંગે ડીસીબીમાં બીજો ગુનો નોંધવામાં આવ્યો છે. આ ૭ પેઢીઓ પૈકી રાજકોટમાં ત્રણ, જૂનાગઢમાં બે અને અમદાવાદ તથા ભાવનગરમાં એક-એક પેઢી હોવાનું સામે આવ્યું છે. તેમજ ૭ પૈકી ૨ પેઢી એવી છે.

જેના ઉપર ચાર દિવસમાં આ બીજો જીએસટી ચોરીનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. રાજકોટ ગોંડલ રોડ ઉપરમાં આશિષ કોમ્પ્લેક્ષમાં આવેલ શ્રી ક્રિષ્ના ટ્રેડીંગ પેઢી, રાજકોટ નંદી પાર્ક દર્શિત કોમ્પ્લેક્ષમાં આવેલ યશ ડેવલોપર પેઢી, રાજકોટ સાધુ વાસવાણી રોડ પર ડેકોરા ઉત્સવમાં આવેલ આર. કે. એન્ટરપ્રાઈઝ, જુનાગઢ ઝાંઝરડા ચોકડી પાસે ગાર્ડન આઈકોનમાં આવેલ બી. જે. ઓડેદરા પેઢી, જુનાગઢના ટીંબાવાડી ગામે મોટી પેલેસમાં આવેલ ક્રીઝલ એન્ટરપ્રાઈઝ, ભાવનગર વાઘાવાડી રોડ પર શુરભી કોમ્પ્લેક્ષમાં આવેલ ઓન કન્સ્ટ્રકશન અને અમદાવાદ નંદવિહાર રેસીડિન્સીમાં આવેલ ડી. એ. એન્ટરપ્રાઈઝ સામે ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદ મુજબ અજાણી વ્યક્તિ દ્વારા શ્રી ક્રિષ્ના ટ્રેડીંગ નામે પેઢી બનાવી ખોટો ભાડા કરાર કરી ખરા તરીકે રાજકોટ સી.જી.એસ.ટી. ભવન રેસકોર્સ ઓફીસ કહતે ઓનલાઈન રજુ કરી ફેબ્રુઆરી ૨૦૨૩થી માર્ચ ૨૦૨૩ દરમિયાન બોગસ ઈનપુટ ટેક્ષ મેળવવા માટે અન્ય છ પેઢીઓના સંચાલકો સાથે મળી કાવતરૂ રચી બનાવટી બિલીંગ, બોગસ દસ્તાવેજો અને ખોટી રજુઆતો દ્વારા ઈનપુટ ટેક્ષ ક્રેડીટ મેળવવા સરકારને ૭૯.૨૦ લાખનું નુકશાન કર્યું હતું.

ઉપરોક્ત પેઢીઓએ માત્ર એક જ મહિનામાં ૨૦૧ જેટલા વ્યવહારો કર્યા હોવાનું સામે આવ્યું છે. પોલીસે રેનીશ પટેલને પકડતા તેણે એકલાએ ૧૧ લાખની ક્રેડિટ મેળવ્યાનું ખુલ્યું છે. તેના રિમાન્ડ મેળવવા તજવીજ થઈ હતી.

# રાજકોટની પાંચ ઓઈલ મિલ સહિત ૨૦ પેઢીને રૂા. ૪૬.૨૫ લાખનો દંડ

## ઉનાનાં તેલ કાંડનો કેસ અધિક કલેકટરની કોર્ટમાં ચાલી જતા કડક કાર્યવાહી

**દેલવાડામાં ભેળસેળયુકત તેલનો જથ્થો ઝડપાયા બાદ અનેક સ્થળોએ તંત્રએ રેઈડ પાડી હોલસેલર – મેન્યુફેકચર પેઢીઓમાંથી સેમ્પલો લીધા બાદ નોટીસો ફટકારી હતી : ઉનાની પણ ૭ પેઢીને દંડ ફટકારતા ફફડાટ**

ઉના, તા. ૨

ઊના શહેરમાં દેલવાડા રોડ ઉપર ભવાની એન્ટર પ્રાઈઝ નામની લોહાણા બંધુઓની તેલ મીલમાં કલેકટર દ્વારા કરવામાં આવેલી રેઈડ દરમ્યાન પર્દાફાશ થયો હતો કે શહેરમાં ભેળસેળ તેલનો જથ્થો સંતાડેલ હોય આ બાબતે મામલતદાર ઊના દ્વારા મોટાં પાચે તેલ જથ્થો સીઝ કર્યો હતો અને ભારે ચકચાર બનેલાં આ તેલ કાંડ આખરે ગીર સોમનાથ જિલ્લા કોર્ટમાં ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ ગુન્હો ૨૦ પેઢી સામે દાખલ કરવામાં આવ્યો હતો અને તેનો ચુકાદો આપતાં નિયામક અધિક કલેકટરએ જુદીજુદી પેઢીને અલંગ અલંગ કુલ ૪૬લાખ ૨૫ હજારનો દંડ ફટકાર્યો છે.

ગત ૧૦/૧૦/૨૦૨૪ના રોજ લક્ષ્મી નગર, ઉના ખાતે આવેલ ભવાની એન્ટરપ્રાઈઝ ખાદ્ય તેલનું મેન્યુફેકચર કરતી પેઢીની નાયબ કલેકટર તેમજ મામલતદાર, ઉના દ્વારા આકસ્મીક તપાસણી કરતા ઉક્ત પેઢી ખાતેથી થતી ગેરરીતીઓને ધ્યાને લઈ પેઢી ખાતેનો મુદામાલ સીઝ કરવામાં આવેલ. તપાસ આધારે જિલ્લામાં આવેલ અલગ-અલગ કુલ-૯ જેટલી હોલસેલર/મેન્યુફેકચર પેઢીઓની તપાસણી તા. ૧૧/૧૦/૨૦૨૪ ના રોજ હાથધરવામાં આવેલ, જે તપાસણી દરમ્યાન મળી આવેલ શંકાસ્પદ ખાદ્ય તેલનો જથ્થો જિલ્લા પુરવઠા અધિકારી-ગીર સોમનાથ / મામલતદાર-ઉના દ્વારા સીઝ સ્થગીત કરવામાં આવેલ.

ઉક્ત સીઝ સ્થગીત કરવામાં આવેલ મુદામાલની વિગતવાર તપાસ ડેઝીગ્નેટેડ ઓફિસર, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગીર સોમનાથ મારફત કરાવતા ડેઝીગ્નેટેડ ઓફિસર નાં રીપોર્ટ/ અહેવાલ આધારે એડજયુડીકેટીંગ ઓફિસર અને નિવાસી અધિક કલેકટર, ગીર સોમનાથની કોર્ટમાં ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ-૨૦૦૬ હેઠળ કેસ દાખલ કરવામાં આવેલ જેમાં આ કેસના સબંધિત પક્ષકારોને રૂબરૂ સાંભળવા અને ખુલાસો રજુ કરવા નોટીસ ઈસ્યુ કરી તક આપવામાં આવેલ.

# આજે "વિશ્વ વિકલાંગ (દિવ્યાંગ) દિવસ"

રાજકોટઃ વિકલાંગ(દિવ્યાંગ) વ્યક્તિઓને સમાન તક આપવા અને તેમના અધિકારોની અનુભૂતિ કરાવવા માટે દર વર્ષે ૩ ડિસેમ્બરે "વિશ્વ વિકલાંગ (દિવ્યાંગ) દિવસ" મનાવવામાં આવે છે. વિકલાંગ (દિવ્યાંગ) વ્યક્તિઓનાં માનવ અધિકારો, સ્થાયી વિકાસ તેમજ વાસ્તવિક જીવનમાં સહાયતા અપાવવા માટે આ દિવસને મનાવવામાં આવે છે. આ ઉપરાંત આ દિવસનો હેતુ રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક જીવનનાં દરેક પાસામાં વિકલાંગ(દિવ્યાંગ) વ્યક્તિઓની પરિસ્થિતિ વિશે જાગરૂકતા વધારવાનો છે. ક્યારેક સમાજમાં થતી આવા વ્યક્તિઓની અવગણના અને તેમના પ્રત્યે લઘુતા ગ્રંથિ રાખવામાં આવે છે જે એક સભ્ય સમાજ ધરાવતા દેશ માટે સારી બાબત ન કહેવાય. વળી ક્યારેક તેમનાં પ્રત્યે વધુ પડતી દયા જતાવીને તેમને અકળાવી મારવામાં આવે છે. આવી બાબતો પર અંકુશ લગાવવા માટે આ દિવસ ખાસ મહત્ત્વ ધરાવે છે.

આજે એક યુવાન દેશ ગણાતા ભારતમાં કેટલાંય યુવાનો છે, સ્કીલ ઈન્ડીયા અને મેક ઇન ઇન્ડીયા દ્વારા સરકાર યુવાનો માટે નવી નવી રોજગારીની તકો ઉભી કરવાનો સતત પ્રયાસ કરી રહી છે, પરંતુ કોણ જાણે એવું તો શું છે કે એક વિદ્યાર્થી પોતાની અણઆવડતો માટે કાયમ બીજાને દોષ આપતો રહે છે. છેલ્લે પોતાનાથી ન થયેલા કામ કે પોતે ન કરવા માંગતા કામનાં દોષનો ટોપલો ઢોળવા કોઈ ન મળે તો અંતે મારી તો કિસ્મત જ ખરાબ છે એવું કહીને પોતાનું મન મનાવતો રહે છે. હાથે કરીને સમય અને પ્રયત્નો કરવા માટેનો ચાન્સ બગાડવા પાછળ આ એક બહુ મોટું બહાનું મળી રહે છે. વળી આળસ અને કામ ન કરવાની પરાકાષ્ઠા તો કાયમની સમસ્યા રહેવાની જ. આજની યુવા પેઢી એક એવી પેઢી છે જેને ઊંઘ કરવી તો ખુબ ગમે છે પણ સમયસર સુઈ જવું નથી.

# 155304

# દેશની તમામ કોર્પોરેશનોની ફરિયાદ માટે હવે શોર્ટ કોડ નંબર જાહેર

## રાજકોટ મનપાના હાલના ફોન નંબર નવા નંબરમાં મર્જ થઇ શકશે : વર્ષે ૩.૭૫ લાખ ફરિયાદોની હવે ભારત સરકારના નંબર પર થશે નોંધ : અમલ શરૂ






રાજકોટ, તા.૨

કેન્દ્ર સરકાર દ્વારા દેશની તમામ કોર્પોરેશનની વિવિધ સેવાઓ અંગેની ફરિયાદો કરવા નાગરિકો માટે અલગ અલગ નંબરના બદલે એક કોમન નંબર '૧૫૫૩૦૪' જાહેર કરવામાં આવ્યો છે. જે નંબર એકટીવ થઇ જતા આ એક જ નંબર પરથી લોકો ફરિયાદ નોંધાવી શકશે તેવું જાહેર કરાયું છે.

મહાનગરપાલિકાની વિવિધ સેવાઓને લગત નાગરિકોની ફરિયાદોની નોંધણી માટે વર્ષ ૨૦૦૮થી અમીનમાર્ગ ખાતે ૨૪ ૭ કોલ સેન્ટર ચાલુ કરવામાં આવેલ છે. જેમાં વાર્ષિક ૩.૭૫ લાખ ફરિયાદો નોંધવામાં આવે છે. આ માટે લેન્ડલાઈન નંબર ૦૨૮૧ - ૨૪૫૦૦૭૭ કે જેમાં (૫ હન્ટીંગ લાઈન સામેલ છે) તેમજ ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૧૨૩-૧૯૭૩ પર શહેરનાં નાગરિકો ફોન દ્વારા ફરિયાદો નોંધાવી શકે છે તે પ્રકારની વ્યવસ્થા અમલમાં મુકેલ છે.

હવે ભારત સરકારનાં આઇટી અને પ્રસારણ વિભાગના ડીઓટી દ્વારા તમામ મહાનગરપાલિકાઓની વિવિધ સેવાઓ અંગેની ફરિયાદો માટે અલગ અલગ નંબરને બદલે તમામ ફરિયાદોની નોંધણી સમગ્ર દેશમાં એક જ કોમન નંબર દ્વારા કરી શકાય તેવી વ્યવસ્થા શરુ કરવામાં આવેલ છે. આ માટે ૧૫૫૩૦૪ નંબરનો શોર્ટ કોડ અમલમાં મુકવામાં આવેલ છે.

કેન્દ્રની સરકારની આ યોજનાનો અમલ કોર્પો. દ્વારા કરવામાં આવેલ છે. હાલમાં કોલ સેન્ટરનાં નંબર ૦૨૮૧-૨૪૫૦૦૭૭ તેમજ ટોલ - ફ્રી નંબર ૧૮૦૦-૧૨૩-૧૯૭૩નાં સ્થાને શોર્ટ કોર્ડ નંબર ૧૫૫૩૦૪ પરથી લોકો પોતાની મહાનગરપાલિકાની સેવાઓ અંગેની ફરિયાદો નોંધાવી શકશે તેમ મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે.ચેરમેન જયમીનભાઇ ઠાકર, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ અને દંડક મનીષભાઈ રાડીયાએ જણાવ્યું હતું.

આ ઉપરાંત હાલની કોલ સેન્ટરની સેવાઓને મહાનગરપાલિકાનાં પોતાના ડાર્ક ફાયબર દ્વારા સેન્ટ્રલ ઝોન સર્વર સાથે કનેક્ટ કરવામાં આવેલ છે. આથી લોકોને મહાનગરપાલિકાની સેવાઓ અંગેની પોતાની ફરિયાદો નોંધાવવામાં સરળતા રહેશે. આ ઉપરાંત મનપાની વેબસાઇટ, મોબાઈલ એપ તેમજ વોટ્સએપ ચેટબોટ દ્વારા પણ લોકો પોતાની ફરિયાદો નોંધાવી શકે છે.

આમ, હવેથી મહાનગરપાલિકાની સેવાઓ અંગેની ફરિયાદો લોકો ૦૨૮૧-૨૪૫૦૦૭ અને ૧૮૦૦-૧૨૩-૧૯૭૩ને બદલે એક જ શોર્ટ કોડ ૧૫૫૩૦૪ નંબર ડાયલ કરી સરળતાથી નોંધાવી શકાશે તેમ જણાવ્યું છે. હાલનો ફોન નંબર જાન્યુઆરીથી બંધ થવા શકયતા છે.કેન્દ્ર સરકાર દ્વારા દેશની તમામ કોર્પોરેશનની વિવિધ સેવાઓ અંગેની ફરિયાદો કરવા નાગરિકો માટે અલગ અલગ નંબરના બદલે એક કોમન નંબર '૧૫૫૩૦૪' જાહેર કરવામાં આવ્યો છે. જે નંબર એકટીવ થઇ જતા આ એક જ નંબર પરથી લોકો ફરિયાદ નોંધાવી શકશે તેવું જાહેર કરાયું છે.

# નવેમ્બરમાં GST કલેક્શન ૧.૮૨ લાખ કરોડ




નવી દિલ્હીઃસરકારે નવેમ્બર ૨૦૨૪માં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ એટલે કે જીએસટીમાંથી ૧.૮૨ લાખ કરોડ રૂપિયા એકત્ર કર્યા છે. વાર્ષિક ધોરણે ૮.૫%નો વધારો થયો છે. એક વર્ષ પહેલા એટલે કે નવેમ્બર-૨૦૨૩માં સરકારે ૧.૬૮ લાખ કરોડ રૂપિયાનો ટેક્સ વસૂલ કર્યો હતો. ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલથી અત્યાર સુધી જીએસટીમાંથી ૧૯.૭૪ લાખ કરોડ રૂપિયા આવ્યા છે.

તે જ સમયે, ગયા મહિને ઓક્ટોબરમાં, સરકારે જીએસટીમાંથી ૧.૮૭ લાખ કરોડ રૂપિયા એકત્ર કર્યા હતા, જે ગયા વર્ષના ઓક્ટોબર કરતાં ૯% વધુ હતા. નવેમ્બર એ સતત નવમો મહિનો છે જ્યારે માસિક કલેક્શન રૂ. ૧.૭ લાખ કરોડથી વધુ રહ્યું છે. વર્ષના પ્રથમ છ મહિનામાં ટેક્સ કલેક્શન રૂ. ૧૦.૮૭ લાખ કરોડ હતું, જે નાણાકીય વર્ષ-૨૪ના પ્રથમ છ મહિનામાં ૯.૫% વધુ હતું.

ગ્રોસ ટેક્સ કલેક્શનના સંદર્ભમાં, નવેમ્બર મહિનામાં આ અત્યાર સુધીનું ત્રીજું સૌથી મોટું કલેક્શન છે. અગાઉ એપ્રિલ ૨૦૨૪માં જીએસટી તરીકે મહત્તમ ૨.૧૦ લાખ કરોડ રૂપિયા એકત્ર કરવામાં આવ્યા હતા. તે જ સમયે, સરકારે એપ્રિલ-૨૦૨૩ અને ઓક્ટોબર-૨૦૨૪માં ૧.૮૭-૧.૮૭ લાખ કરોડ રૂપિયાનો ટેક્સ એકત્રિત કર્યો હતો.

પીટીઆઈના જણાવ્યા અનુસાર નવેમ્બરમાં સરકારે ઘરેલુ વ્યવહારો દ્વારા વધુ આવક મેળવી છે અને તેની અસર જીએસટી કલેક્શનમાં વધારામાં જોવા મળી છે.

સેન્ટ્રલ જીએસટી કલેક્શન (સીએસજીટી) ૩૪,૧૪૧ કરોડ, સ્ટેટ જીએસટી કલેક્શન (એસજીએસટી) ૪૩,૦૪૭ કરોડ, ઈન્ટિગ્રેટેડ આઇજીએસટી ૯૧,૮૨૮ કરોડ અને સેસ ૧૩,૨૫૩ કરોડ હતો.

નવેમ્બર મહિના દરમિયાન સ્થાનિક વ્યવહારોમાંથી જીએસટીની આવક ૯.૪% વધીને રૂ. ૧.૪૦ લાખ કરોડ થઈ છે, જ્યારે આયાત પરના કરમાંથી આવક લગભગ ૬% વધીને રૂ. ૪૨,૫૯૧ કરોડ થઈ છે.

# કુલ ૧૬૦ આસામીઓ પાસેથી ૯.૮૮ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત

## ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૪૧૫૫૦નો વહીવટી ચાર્જ વસુલ

રાજકોટ,તા.૩

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે તારીખ ૨૯/૧૧/૨૦૨૪ થી 01/૧૨/૨૦૨૪ એમ કુલ ૩ દિવસમાં ત્રણેય ઝોન વિસ્તારમાં અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાનીતથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં તા. ૨૯/૧૧/૨૦૨૪ થી ૦૧/૧૨/૨૦૨૪ એમ કુલ ૩ દિવસ દરમ્યાન ત્રણેય ઝોનમાંથી કુલ ૧૬૦ આસામીઓ પાસેથી ૯.૮૮ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૪૧૫૫૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૪૫ આસામીઓ પાસેથી ૪.૮૯ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૧૪૩૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૬ આસામીઓ પાસેથી ૨.૧૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૯૮૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૭૯ આસામીઓ પાસેથી ૨.૮૪ કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૭૪૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

# વૈજ્ઞાનિક ઢબે કરાયેલો સર્વે ખોટો જંત્રી માટે નવેસરથી સર્વે કરો

## નવી જંત્રી સામે વિરોધ અને સૂચનો માટે તા.૨૦ ડિસેમ્બર સુધીની મર્યાદા વધારી તા.૩૧ માર્ચ સુધી કરવી જોઇએ



વડોદરા, તા.૧ રાજ્ય સરકાર દ્વારા નવી સૂચિત જંત્રીના ઉંચા ભાવોને કારણે રિયલ એસ્ટેટ સેક્ટરમાં જબરજસ્ત વિરોધ ઊભો થઇ રહ્યો છે. રિયલ એસ્ટેટ સેક્ટરને મોટી અસર પડે તેવી લાંબા ગાળાની અસરના કારણે સરકાર દ્વારા જે નવી જંત્રી જાહેર કરવામાં આવી છે તેનો અમલ રિ સર્વે બાદ કરવાની માંગણી કરાશે તેમ જાણવા મળ્યું છે.

ઉલ્લેખનીય છે કે વૈજ્ઞાનિક સર્વે થયા બાદ નવી જંત્રી જાહેર કરી સરકાર દ્વારા જંત્રીના આ દરો સામે વાંધા સૂચનો તા.૨૦ ડિસેમ્બર સુધી મંગાવવામાં આવ્યા છે. જંત્રીના નવા દરો જાહેર થતાંની સાથે જ ભારે ઉહાપોહ શરૂ થઇ ગયો છે. રિયલ એસ્ટેટ સેક્ટરને સૌથી વધારે અસર પડનાર હોવાથી તે અંગે ગંભીર વિચારણા પણ થઇ રહી છે અને નવી જંત્રી સામે ઉગ્ર વિરોધ નોધાવવો તેવો એક સૂર ઉઠયો છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે તાજેતરમાં રાજ્યભરના ક્રેડાઇના ૩૬ સિટિ ચેપ્ટરોની જોઇન્ટ મિટિંગ ગુજરાત ક્રેડાઇના નેજા હેઠળ મળી હતી. આ બેઠકમાં સરકારની નવી જંત્રીનો વિરોધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. બેઠકમાં એવું પણ નક્કી થયું હતું કે નવી જંત્રી સામે સૂચનો તેમજ વાંધાઓ રજૂ કરવા માટેની સમયમર્યાદા તા.૨૦ ડિસેમ્બર છે તે સમયમર્યાદા વધારીને તા.૩૧ માર્ચ ૨૦૨૫ સુધી કરવી જોઇએ. માત્ર ક્રેડાઇ જ નહી પરંતુ ખેડૂતો પણ વ્યક્તિગત રીતે સૂચનો કરી શકે તે માટે ઓનલાઇનના બદલે ઓફલાઇન વિરોધ કરી શકે તેવી સુવિધા આપવી જોઇએ.

ગુજરાત ક્રેડાઇની બેઠકમાં દરેક સિટિ ચેપ્ટર સરકારની નવી જંત્રીના રેટને રિવ્યૂ કરે અને નવી જંત્રી તેમજ જૂની જંત્રીના રેટમાં વધારે વિરોધાભાસ જણાય તો સુધારો કરવા માટેનો એક વિસ્તૃત અહેવાલ તૈયાર કરી ગુજરાત ક્રેડાઇમાં પ્રથમ રજૂ કરે જેથી તમામ સિટિ ચેપ્ટરના અહેવાલ એકસાથે સરકારમાં રજૂ કરી નવી જંત્રીનો વિરોધ કરી શકાય તેમ પણ નક્કી થયું હતું. ક્રેડાઇ દ્વારા નવી જંત્રીના વિરોધમાં આગામી દિવસોમાં મુખ્યમંત્રીને પણ રજૂઆત કરાશે તેમ જાણવા મળ્યું છે.રાજ્ય સરકાર દ્વારા નવી સૂચિત જંત્રીના ઉંચા ભાવોને કારણે રિયલ એસ્ટેટ સેક્ટરમાં જબરજસ્ત વિરોધ ઊભો થઇ રહ્યો છે. રિયલ એસ્ટેટ સેક્ટરને મોટી અસર પડે તેવી લાંબા ગાળાની અસરના કારણે સરકાર દ્વારા જે નવી જંત્રી જાહેર કરવામાં આવી છે તેનો અમલ રિ સર્વે બાદ કરવાની માંગણી કરાશે તેમ જાણવા મળ્યું છે.ઉલ્લેખનીય છે કે વૈજ્ઞાનિક સર્વે થયા બાદ નવી જંત્રી જાહેર કરી સરકાર દ્વારા જંત્રીના આ દરો સામે વાંધા સૂચનો તા.૨૦ ડિસેમ્બર સુધી મંગાવવામાં આવ્યા છે. જંત્રીના નવા દરો જાહેર થતાંની સાથે જ ભારે ઉહાપોહ શરૂ થઇ ગયો છે. રિયલ એસ્ટેટ સેક્ટરને સૌથી વધારે અસર પડનાર હોવાથી તે અંગે ગંભીર વિચારણા પણ થઇ રહી છે અને નવી જંત્રી સામે ઉગ્ર વિરોધ નોધાવવો તેવો એક સૂર ઉઠયો છે.

# ગુજરાતમાં વિકાસ માત્ર જાહેરાત-પોસ્ટરોમાં, ૮૧% વિદ્યાર્થીને માતૃભાષા લખતા-વાંચતા નથી આવડતી



નવી શિક્ષણ નીતિનો અમલ શરુ થઈ ગયો છે પરંતુ ગુજરાતમાં કઈ સદીની શિક્ષણ પ્રથા ચાલી રહી છે તે સમજી શકાતું નથી. સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષણનો વહીવટી સદંતર ખાડે ગયો છે. સત્તાવાર આંકડા સામે આવતા લાગી રહ્યું છે કે, શિક્ષણ મંત્રીના સઘળા દાવા પોકળ સાબિત થઈ શકે છે. રાજ્યમાં ૨૫૭૪ સરકારી સ્કૂલો ખંડેર હાલતમાં છે. ૭૫૯૯ સ્કૂલોની મકાન કાચી દીવાલો અને છતથી ઢંકાયેલા છે.

આજે પણ ૧૪૬૦૦ સ્કૂલો એક વર્ગખંડથી ચાલે છે. શાળા પ્રવેશોત્સવના તાયફા થાય છે અને ૧૦૦ ટકા નામાંકનના દાવા કરવામાં આવે છે પરંતુ ૧૦ લાખ વિદ્યાર્થીઓ સ્કૂલે ગયા જ નથી. ૧૬૦૬ સ્કૂલમાં એક જ શિક્ષક છે. સ્થિતિ એ છે કે ધોરણ-૩થી ધોરણ-૮ સુધીના ૮૧ ટકા વિદ્યાર્થીઓને ગુજરાતી વાંચતા-લખતાં આવડતું જ નથી. ૫૬૧૬ સ્કૂલ બંધ કરી દેવાઈ છે. ૮૬ સ્કૂલોમાં માત્ર પાંચથી દસ વિદ્યાર્થી છે. રાજ્યમાં ૨૦ હજાર વર્ગ ખંડોની અછત છે. ખેલ મહાકુંભની મોટા ઉપાડે વાતો થાય છે પરંતુ ૪૦૦૦ સ્કૂલો પાસે મેદાન જ નથી. ગુજરાતી માતૃભાષાનું ગૌરવ અને અસ્મિતાની મોટી મોટી વાતો કરતી સરકાર ખુદ તેના બનાવેલા નિયમનું પાલન કરાવી શકતી નથી. મુંબઈ કે મહારાષ્ટ્રમાં જઈએ તો પ્રથમ ભાષા મરાઠીમાં બોર્ડ જોવા મળે છે. પંજાબમાં પંજાબી અને દક્ષિણમાં જે તે રાજ્યની ભાષામાં બોર્ડ અચૂક હોય છે, પરંતુ ગુજરાતમાં ગુજરાતી ભાષાની જ અવગણના કરવામાં આવે છે.

૨૦૨૨માં રાજ્યના સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગે સરકારી કચેરીઓ, ખાનગી કે કેન્દ્રીય સંસ્થાઓ, શોપિંગ સેન્ટર, મોલ્સ, જાહેર સ્થળો, દુકાનો, મલ્ટીપ્લેક્સ અને મનોરંજનના સ્થળો એમ બધી જગ્યાએ લગાવેલા બોર્ડમાં નામ, સરનામું, સૂચના, માહિતી, દિશાનિર્દેશમાં અંગ્રેજી અને હિન્દીની સાથે ગુજરાતી ભાષાનો ફરજિયાત ઉપયોગ કરવાનો આદેશ બહાર પાડ્યો હતો.નવી શિક્ષણ નીતિનો અમલ શરુ થઈ ગયો છે પરંતુ ગુજરાતમાં કઈ સદીની શિક્ષણ પ્રથા ચાલી રહી છે તે સમજી શકાતું નથી. સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષણનો વહીવટી સદંતર ખાડે ગયો છે. સત્તાવાર આંકડા સામે આવતા લાગી રહ્યું છે કે, શિક્ષણ મંત્રીના સઘળા દાવા પોકળ સાબિત થઈ શકે છે. રાજ્યમાં ૨૫૭૪ સરકારી સ્કૂલો ખંડેર હાલતમાં છે. ૭૫૯૯ સ્કૂલોની મકાન કાચી દીવાલો અને છતથી ઢંકાયેલા છે.

# રાજકોટના ૧૮માં એડીશ્નલ કલેક્ટર તરીકે ચાર્જ સંભાળતા આલોક ગૌત્તમ



રાજકોટ, તા.૩ રાજકોટના ૧૮મા એડીશ્નલ કલેક્ટર તરીકે મુકાયેલા આલોક ગૌતમએ આજે વિધિવત રીતે તેમના આ નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો હતો. જ્યારે બદલી પામેલ ચેતન ગાંધી છુટ્ટા થઇ ગાંધીનગર જવા રવાના થયા હતા. ચેતન ગાંધી આવતીકાલે ઉઘડતી કચેરીએ ગાંધીનગર પુરવઠા વિભાગના જોઇન્ટ ડાયરેક્ટરનો ચાર્જ સંભાળનાર છે.

રાજકોટના અધિક કલેક્ટર તરીકે મૂકાયેલા અમદાવાદના વતની એવા આલોક ગૌતમ વર્ષ-૨૦૧૧ની બેચના અધિકારી છે. આ પહેલા તેઓ દાહોદ અને લુણાવાડામાં પ્રાંત અધિકારી તરીકે અને ગાંધીનગર ચૂંટણી પંચમાં તેઓ ડેપ્યુટી ડાયરેક્ટર તરીકે ફરજ બજાવી ચૂક્યા છે.

અધિક કલેક્ટર આલોક ગૌતમએ સાંજ સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્રનાં રાજકોટ ખાતે અધિક કલેક્ટર આલોક ગૌત્તમએ સીટીસી ભરી તેમના આ નવા હોદ્દા નો ચાર્જ સંભાળી લીધો હતો. જ્યારે છુટ્ટા થયેલા અધિક કલેક્ટર ચેતન ગાંધીએ જણાવ્યું હતું કે તેઓ આવતીકાલે તા.૩ના ગાંધીનગર પુરવઠા વિભાગમાં જોઇન્ટ ડાયરેક્ટર તરીકે ચાર્જ સંભાળશે.

અહીં બે ઉલ્લેખનીય છે કે ચેતન ગાંધીનું ગત તા.૨૮ ડીસેમ્બર-૨૦૨૩માં રાજકોટમાં અધિક કલેક્ટર તરીકે પોસ્ટીંગ થયું હતું. માત્ર એક વર્ષના ગાળામાં તેઓને બદલી સાથે ગાંધીનગર પુરવઠા વિભાગમાં જોઇન્ટ ડાયરેક્ટર તરીકે નવી જવાબદારી સોંપવામાં આવી છે.

### પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી

# વડોદરામાં શરૂ થયેલી ગતિ શક્તિ વિશ્વવિદ્યાલયનો દ્વિતીય દીક્ષાંત સમારોહ સંપન્ન

## દ્વિતીય દીક્ષાંત સમારોહમાં ૨૩૯ વિદાર્થીઓને વિવિધ વિદ્યાશાખાની પદવી એનાયત




વડોદરા,તા.૩

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી શરૂ થયેલી ગતિ શક્તિ વિશ્વવિદ્યાલયના દ્વિતીય દીક્ષાંત સમારોહમાં આજે રેલવે મંત્રી અને કુલાધિપતિ શ્રી અશ્વિની વૈષ્ણવે સંબોધન કર્યું હતું.યુનિવર્સિટીના કુલાધિપતિ શ્રી અશ્વિની વૈષ્ણવની ગરિમામય ઉપસ્થિતિમાં ૨૩૯ વિદ્યાર્થીઓને વિવિધ વિદ્યાશાખાની પદવી એનાયત કરવામાં આવી હતી.

ગતિશક્તિ યુનિવર્સિટીના કુલાધિપતિ અને રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનરી નેતૃત્વ અને દ્રઢ સંકલ્પને કારણે વડોદરામાં આ યુનિવર્સિટી કાર્યરત થઇ છે અને તેમાં એવા અભ્યાસક્રમોની વ્યવસ્થા કરવામાં આવી છે, જેને બહારના ઔદ્યોગિક સમુહને જરૂરિયાત હોય.

તેમણે એમ પણ જણાવ્યું કે, વડોદરા શહેરમાં ટાટા એરબસનો પ્લાન્ટ પણ કાર્યરત થયો છે અને એરબસને આગામી સમયમાં ૧૫ હજાર જેટલા ઇજનેરોની જરૂરિયાત ઉભી થવાની છે, આ બાબતને ધ્યાને રાખીને ગતિશક્તિ યુનિવર્સિટી દ્વારા એરબસ સાથે સંકલન સાધીને એમને જરૂરી હોય તે પ્રકારે અભ્યાસક્રમ બનાવવામાં આવ્યો છે. જે ક્લાસ રૂમમાં ભણાવવામાં આવે છે, તે જ ઔદ્યોગિક ક્ષેત્રમાં પણ કામ આવે તેવું આયોજન કરવામાં આવ્યું છે.

ટ્રાન્સપોર્ટેશન અને લોજીસ્ટિકનું જ શિક્ષણ આપે એવી વૈશ્વિક કક્ષાની શૈક્ષણિક સંસ્થાનું નિર્માણ કરવાની પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની નેમ હતી અને તેને ગતિશક્તિ યુનિવર્સિટી સાકાર કરી રહી છે, તેમ કહેતા રેલવે મંત્રી શ્રી વૈષ્ણવે ઉમેર્યું કે, અહીંથી અભ્યાસ કરીને બહાર આવતા છાત્રોનું ટેલેન્ટ દેશના વિકાસમાં નવી ઊર્જા ભરશે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં વિવિધ ક્ષેત્રમાં થઇ રહેલા વિકાસની ભૂમિકા આપતા રેલવે મંત્રીશ્રીએ કહ્યું કે, મેટ્રો, બૂલેટ ટ્રેન, હાઈવે અને પૂલોના નિર્માણનું કામ તીવ્ર ગતિએ થઇ રહ્યું છે. સેમિકન્ડક્ટર પ્લાન્ટ માટે જરૂરી એવા માનવ સંસાધન મળી રહે તેવા અભ્યાસ ક્રમો પણ ડિઝાઈન કરવામાં આવ્યા છે.વડોદરાની ગતિશક્તિ યુનિવર્સિટી દેશની શ્રેષ્ઠ યુનિવર્સિટી પૈકીમાં સ્થાન પામે છે, એવો આશાવાદ વ્યક્ત કરતા રેલવે મંત્રીશ્રીએ છાત્રોને તેમની ઉજ્જવળ કારકીર્દિ માટે શુભકામનાઓ પાઠવી હતી.

# જિલ્લા પંચાયત બેડી-૩ સીટમાં વધુ એક એમ્બ્યુલન્સનું લોકાર્પણ

### ૧૩ થી ૧૪ ગામડાઓનાં દર્દીઓને એમ્બ્યુલન્સ સેવાનો લાભ મળશે
### પરાપીપરીયા ખાતે જિ.પં.પ્રમુખ પ્રવિણાબેન રંગાણીનાં હસ્તે લોકાર્પણ



રાજકોટ,તા.૩

રાજય સરકાર અને રાજકોટ જિલ્લા પંચાયત અને રાજકોટ જિલ્લાના દર્દીની સુખાકારી માટે સતત તત્પર રહે છે. આના ભાગરૂપે રાજકોટ ગ્રામ્યના ગામોમાં આકસ્મિક સંજોગો તેમજ સગર્ભા માતા અને નવજાત શિશુને ત્વરિત સારવાર સાથે હોસ્પિટલ ખસેડવામાં સરળતા રહે તેને અનુલક્ષીને રાજકોટ જિલ્લા પંચાયતના સભ્ય શ્રીમતી સુમિતાબેન રાજાભાઈ ચાવડા અને તાલુકા પંચાયતના સભ્ય શ્રીમતી લાભુબેન વિક્રમભાઈ હુંબલ દ્વારા અનેક વખત રાજકોટ વહીવટી તંત્ર તેમજ રાજય સરકાર સુધી રજૂઆત અને આસપાસના ગામ બેડી, ગવરીદડ, આણંદપર, બાધી, હડાળા, કાગદડી, ખંભાળા પડધરી તાલુકાના ન્યારા, ઇશ્વરીયા, સણોસરા, ખોરાણા સહિતના ગામોમાં જે નેશનલ હાઇવે તેમજ અનેક કુદરતી ભૌગોલિક પડકારો સામે સગર્ભા માતા અને નવજાત શિશુને ઘર થી હોસ્પિટલ સુધી સગવડતા મળી રહે તે માટે જિલ્લા પંચાયતના મહિલા અને સભ્ય અને તાલુકા પંચાયતના મહિલા સભ્યના અથાગ પ્રયત્નો થકી આ એમ્બ્યુલન્સ રાજય સરકાર દ્વારા ફાળવવામાં આવી છે.પરા પીપળીયા ગામ ખાતે થી ઓન વ્હીલ એમ્બ્યુલન્સનું લોકાર્પણ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી પ્રવિણાબેન રંગાણી, ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરિયા, જિલ્લા વિકાસ અધિકારી ડો. નવનાથ, મુખ્ય જિલ્લા આરોગ્ય ડો.સિંગ તેમજ રાજકોટ જિલ્લા પંચાયતના સભ્ય બેડી ૩ સુમિતાબેન રાજાભાઈ ચાવડા, તાલુકા પંચાયતના સભ્ય શ્રીમતી લાભુબેન વિક્રમભાઈ હુંબલ તેમજ ગામના પ્રથમ નાગરિક વિભાબેન હુંબલ તથા જિલ્લા કક્ષાના આગેવાનોની ખાસ ઉપસ્થિતિમાં આ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ તકે પરા પીપળીયા ગામ સહિત આજુ બાજુમાં બીજા ગામના લોકો જોડાયેલા હતા આ ગ્રામ્ય વિસ્તારના અભિપ્રાય લેતા જણાવ્યુ કે અમારા વિસ્તારના મહિલા અને જિલ્લા પંચાયતના બેડી ૩ મહિલા સભ્ય સુમિતાબેન રાજાભાઈ ચાવડા, તાલુકા પંચાયતના મહિલા સભ્ય શ્રીમતી લાભુબેન વિક્રમભાઈ હુંબલ ના અથાગ પ્રયત્નો થી આજે આ વિસ્તારની સગર્ભા અવસ્થા દરમ્યાન પડતી મુશ્કેલી વાંચા આ એમ્બ્યુલન્સ થકી મળી છે.

# ‘‘ ધ સાબરમતી રીપોર્ટ’ મુવી બતાવી ભારતીય ઈતિહાસને બે વિભાગોમાં વિભાજીત કરતી ઘટનાથી અવગત કર્યા

રાજકોટ,તા.૩

શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા એક સંયુક્ત અખબારીયાદીમાં જણાવાયું છે કે માન.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ભારત સ્વતંત્ર થયા બાદ કોંગ્રેસના ૭૫ વર્ષના રાજમાં થયેલ પ્રજા ઉપર અત્યાચારો, દેશને વિભાજન કરી પાડોશી દેશને પ્રોત્સાહન આપવા તેમજ તેમને લાભ થાય તેવી કુટનિતિથી રાજ કરવામાં આવેલ આ સમય દરમ્યાન બની ગયેલ ઘટનાઓના ઈતિહાસને આવનારી પેઢી જાણી શકે તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તેમજ ફિલ્મ નિર્માતાઓ દેશના ઈતિહાસ સંબધિત ફિલ્મો બનાવી દેશ સમક્ષ રાખતાં હોય છે. ત્યારે ૨૦૦૨ માં અયોધ્યા મંદિરના નિર્માણ માટે અયોધ્યા કાર સેવકની ફરજ બજાવી પરત ફરી રહેલા કારસેવકોને રેલ્વે ડબ્બા સહિત અનેક નિર્દોષ મુસાફરોને આગમાં હોમી દેવામાં હિન્દુ વિરોધી ઉગ્રવાદીઓ દ્વારા આગ લગાડવામાં આવેલ જે ઘટનાને ફિલ્મ નિર્માતાએ ’ ધ સાબરમતી રીપોર્ટ’ ફિલ્મમાં બખૂબી ઈતિહાસને બતાવવાનો એક પ્રયાસ કરેલ છે. આ ફિલ્મ ભારતીય ઈતિહાસમાં હંમેશા યાદ રાખવામાં આવશે તેવી એટલી ભયાનક અને હ્રદયદ્રાવક ઘટના વિશેની ફિલ્મ બનાવવામાં નિર્માતાને આટલો સમય લાગ્યો છે જેની પાછળ તેઓને કોઈ રાજકીય પક્ષ રોકી શકે તેમ નથી. આજ આશયથી રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીના માર્ગદર્શન હેઠળ વિધાનસભા-૭૧ ના ધારાસભ્ય અને કેબીનેટમંત્રી ભાનુબેન બાબરીયાએ વિધાનસભા-૭૧ ના કાર્યકર્તાઓને, વિધાનસભા-૭૦ ના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ વિધાનસભા-૭૦ ના કાર્યકર્તાઓને, શહેર ભાજપ મહિલા મોરચાએ મહિલા કાર્યકર્તાઓને ’ધ સાબરમતી રીપોર્ટ’ ફિલ્મ બતાવવામાં આવેલ હતી.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# જૂનાગઢમાં ભારત ગેસ દ્વારા સુરક્ષા સાથે સ્વાસ્થ્યની લાઈવ રસોઈ શો સ્પર્ધા યોજાય

જૂનાગઢ, તા. ૨ઃ જૂનાગઢમાં ભારત પેટ્રોલિયમ કોર્પો. લી. કંપનીના ભારત ગેસ દ્વારા આપણુ રસોડું આપણી જવાબદારી થીમ અંતર્ગત ગૃહિણીની સલામતી માટે સેફ્ટી ક્લિનિક સાથે રસોઈ સ્પર્ધાનું આયોજન લોહાણા મહાજનવાડી રઘુકુળવાડી જૂનાગઢ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ૨૦ ગૃહિણીઓએ ભાગ લીધો હતો તેમજ ખાસ શિયાળામાં વપરાતા ખજૂરની સ્પેશિયલ પોષ્ટિક મીઠાઈ લાઈવ બનાવવી હતી.સ્પર્ધા પ્રથમ, દ્વિતીય અને તૃતીય એમ ત્રણ ક્રમાંકને સર્ટિફિકેટ અને ઈનામ આપવામાં આવ્યાં હતા જયારે સ્પર્ધામાં ભાગ લેનાર તમામ ગૃહિણીને સર્ટિફિકેટ અને પ્રોત્સાહિત ઈનામ ભારતગેસ તરફથી આપવામાં આવેલ તેમજ ઉપસ્થીત દરેક ગૃહિણીને ખાસ ભારત ગેસ તરફથી એપ્રોન પણ આપવામાં આવેલ.સ્પર્ધાના નિર્ણાયક




તરીકે કુકિંગ એક્સપર્ટ અંકિતા વણઝારા મહત્વની ભૂમિકા ભજવી હતી જેમા પ્રથમ નંબર પર અલ્કાબહેન પરમાર દ્વારા ખજૂર ઘારી લાઈવ બનાવી હતી. જયારે દ્વિતીય નંબર પર ગીતાબહેન કોટક દ્વારા ખજૂરની રબડી લાઈવ બનાવેલ હતી તેમજ તૃતીય નંબર મેળવનાર જયશ્રી બહેન ગાલોરીયા દ્વારા ખજુર ટાકોગુઝ લાઈવ બનાવવામાં આવેલ હતા અને વાનગીની પસંદગી કરવામાં આવી હતી. મહત્વનુ છે કે ખાસ વાનગીમાં વપરાયેલ વસ્તુઓ અને સ્વાદની સાથે સાથે સ્વચ્છતા અને ગેસ વપરાશ સમયે રાખવામાં આવતી સલામતીનું પણ મૂલ્યાંકન કરવામાં આવ્યું હતુ. વિશેષ ગૃહિણીઓને રસોઈ બનાવતી સમયે ખાસ શું તકેદારી રાખવી અને રસોઈ બની ગયાં બાદ ગેસ વપરાશનાં ઊપયોગ પૂર્ણ કરીને શું સાવચેતી રાખવી તે અંગે ખાસ માર્ગદર્શન પણ આપવામાં આવેલ હતુ સાથે સાથે ઈમરજન્સી સમયે કંપનીનો સંપર્ક કેવી રીતે કરવો તે પણ માહિતી આપવામાં આવી હતી.સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સંજય ગેસ એજન્સીનાં માલિક હર્ષાબહેન લાખાણી તેમજ મેનેજર ભાવિન કારીયા તેમજ અને દેકારો ગ્રુપ ચેતનાબહેન તન્ના અને નિશાબહેન રૂપારેલિયા દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી ભારત ગેસના એરિયા સેલ્સ મેનેજર શરદ દ્વિવેદી આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને જણાવ્યું હતું કે નાનકડી ભૂલ મોટો અકસ્માત સર્જી શકે છે તેવી જ રીતે નાનકડી લેવામાં આવેલ કાળજી મોટામાં મોટી દુર્ઘટના બનતી પણ અટકાવી પણ શકે છે.સમગ્ર કાર્યક્રમની આભારવિધી સંજય ગેસના માલિક હર્ષાબહેન લાખાણી દ્વારા કરવામાં આવી હતી.

## ગીરની ભૂમિના માલધારીઓ અને પશુ-પ્રાણીઓ વચ્ચેના સ્નેહનો સબંધ એટલે સાસણ મૂવી




રિપોર્ટરઃ ઉદય પંડ્યા

જૂનાગઢ, તા. ૨ઃ જૂનાગઢની ભૂમિ એટલે સંત સુરા અને સાવજની ભૂમિ સાથે ગીરની ભુમી ઉપર રહેતા માણસને પશુ-પ્રાણીઓ વચ્ચેના સ્નેહ અને લાગણીને સાસણ ફિલ્મમાં જબરજસ્ત રીતે દર્શાવવામાં આવી છે શીવમ ફિલ્સ એન્ટરપ્રાઈઝ પ્રોડક્શનના બેનર હેઠળ તૈયાર થયેલી સાસણ ફિલ્મનાં સફળ દિગ્દર્શક અશોક ઘોષ દ્વારા ડાયરેક્શનની જવાબદારી બખૂબી નિભાવી છે નિર્માતા ડો.હીતેશ પટેલ અને સહનિર્માતા મુકેશ વસાણી,ચેતન ઘનાની, અંજલિ બારોટ ચિરાગ જાની, જેરી પંડયા, રવિ જોબનપુત્રા, દેવ ભાનુશાળી, સાજીદ મકરાણી, જયશ્રી સોલંકી, આયેન સોલંકી, શ્વેતા કન્ટારીયા આપણી વાત,આપણો વારસો, આપણું ગૌરવ સાસણગીર ગિરના ડાલામથ્થા અને માલધારીઓની સત્ય ઘટનાઓ પર આધારીત ગુજરાતી ફિલ્મ ‘સાસણ’ આખા ગુજરાત સિનેમા ઘર માં જે ખૂબ જ ધૂમ મચાવી રહ્યું છે. સિંહ, સાવજ, હાવજ કે ડાલામથ્થાની ધરતી તરીકે જગપ્રસિદ્ધ આપણી ગીરની અંદર પાંગરેલા માણસ અને પશુ -પ્રાણી વચ્ચેના પ્રેમ અને લાગણીને બખુબીથી આ ફિલ્મમાં વાચા આપવામાં આવી છે.

## મફત વીજળી; સૂર્ય ઘર યોજના માટે આજથી વોર્ડવાઈઝ કેમ્પ શરૂ

રાજકોટ, તા.૩

કેન્દ્ર સરકારની રૂફટોપ સોલર એનર્જી યોજના અંતર્ગત દેશના ૧ કરોડ પરિવારોને દર મહિને ૩૦૦ યુનિટ સુધી મફત વીજળી મળી રહે તે પ્રકારે યોજના અમલી બનાવવા માટે આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત વધુને વધુ લોકો તેમાં જોડાય તે માટે મનપા દ્વારા પીજીવીસીએલના સહકારથી કાલે તા. ૩ ડિસે.થી તા.૨૪ સુધી વોર્ડવાઈઝ કેમ્પનું આયોજન કરાયું છે.

પી.એમ.- સૂર્ય ઘર યોજના હેઠળ મફત વીજળી અને આવકનો સ્ત્રોત ઉભો કરી શકાય છે. દર મહિને ૩૦૦ યુનિટ મફત વીજળી દ્વારા ૧ કરોડ ઘરોને સુવિધા પૂરી પાડતી આ યોજનાનો સરળતાથી લાભ લઈ શકાય છે.કેન્દ્ર સરકાર આ યોજનામાં મોટી રકમની સબસિડી આપી રહી છે જેનો લાભ લઈ, દેશવાસી પોતાના ઘરની છત પર સોલાર પેનલ લગાવીને મફત વીજળી મેળવવાની અને વધારાની વીજળી વેચીને પૈસા કમાવવાની સુવિધા પૂરી પાડે છે. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં ૧.૩ કરોડથી વધુ લોકોએ પી.એમ. સૂર્ય ઘર યોજના માટે અરજી કરી છે.

શહેરીજનો આ યોજનાનો વધુમાં વધુ લાભ મેળવે અને આ યોજનાથી માહિતગાર થાય તે હેતુસર કોર્પો. દ્વારા પી.જી.વી.સી.એલ.ના સંકલનથી પી.એમ.-સૂર્ય ઘર મફત વીજળી યોજનાનો વોર્ડ વાઈઝ કેમ્પનું તા.૩-૧૨ થી તા.૨૪-૧૨ સુધી સવારે ૧૦ થી ૧ દરમ્યાન દરેક વોર્ડની વોર્ડ ઓફીસ ખાતે કેમ્પનું આયોજન કરાયું છે.

જેનો લાભ લેવા મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે.ચેરમેન જયમીન ઠાકર, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, રોશની સમિતિ ચેરમેન કાળુભાઈ કુગસીયા દ્વારા અપીલ કરાઇ છે.



રીપોર્ટઃ હેમલ વિઠ્ઠલાણી

# ગાંજા સાથે શખ્સને પકડી પાડતી રાજકોટ શહેર એસ.ઓ.જી શાખા



એસ.ઓ.જી. પીઆઇ એસ.એમ.જાડેજાનો સપાટો

**નાર્કોટીકસ પદાર્થોનું વેચાણ અટકાવવા ‘‘SAY NO TO DRUGS મિશન અંતર્ગત નાર્કોટીકસ પદાર્થોનું ખરીદ– વેચાણ કે સેવન કરનારા ઇસમો વિરુધ્ધ કડક કાયેવાહી કરવા સુચના આપેલ હોય જે સબંધે એસ.ઓ.જી. પો.ઇન્સ. એસ.એમ.જાડેજા ની રાહબરી હેઠળ એસ.ઓ.જી. શાખાના પો.હેડ કોન્સ. ઉપેન્દ્રસિંહ ઝાલા તથા પો.કોન્સ. વિરદેવસિંહ જાડેજા નાઓની સંયુકત બાતમી આધારે રાજકોટ શહેર જુબેલી ગાર્ડનની બાજુમાં બી.આર.ટી.એસ.ના બસ સ્ટેન્ડ પાસે ફૂટપાથ ઉપથી ગાંજાના જથ્થા સાથે ઇસમને પકડી પાડી ધોરણસર કાર્યવાહી કરી**

રાજકોટ, તા. ૨ઃ રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી બ્રજેશકુમાર ઝા સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી મહેન્દ્ર બગડીયા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ ડો.પાર્થરાજસિંહ ગોહીલ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઇમ શ્રી ભરત બી. બસીયા સાહેબ તરફથી રાજકોટ શહેર વિસ્તારમાં યુવાધન નશાના રવાડે ના ચડે તથા નાર્કોટીકસ પદાર્થોનું વેચાણ અટકાવવા ‘‘SAY NO TO DRUGS મિશન અંતર્ગત નાર્કોટીકસ પદાર્થોનું ખરીદ- વેચાણ કે સેવન કરનારા ઇસમો વિરુધ્ધ કડક કાયેવાહી કરવા સુચના આપેલ હોય જે સબંધે એસ.ઓ.જી. પો.ઇન્સ. એસ.એમ.જાડેજા ની રાહબરી હેઠળ તા.૦૨/૧૨/૨૦૨૪ ના રોજ એસ.ઓ.જી. શાખાના પો.હેડ કોન્સ. ઉપેન્દ્રસિંહ ઝાલા તથા પો.કોન્સ. વિરદેવસિંહ જાડેજા નાઓની સંયુકત બાતમી આધારે રાજકોટ શહેર જુબેલી ગાર્ડનની બાજુમાં બી.આર.ટી.એસ.ના બસ સ્ટેન્ડ પાસે ફુટપાથ ઉપથી ગાંજાના જથ્થા સાથે ઇસમને પકડી પાડી ધોરણસર કાર્યવાહી કરી એ.ડીવી. પો.સ્ટે. માં ગુન્હો નોંધવામા આવેલ છે.

# ધોરાજી હજરત ખ્વાજા મોહમ્મકુદ્દીન શહેરાનીના મેળામાં ગેરકાયદેસર મંજૂરી વગર રાઈડ્સ ચાલુ રહેતા દંડ ફટકારાયો

■ **ડેપ્યુટી કલેક્ટરની સૂચનાથી મામલતદારે કાર્યવાહી કરી ૫ રાઈડ્સ સામે દંડ ફટકાર્યો**





ધોરાજી, તા. ૨: ધોરાજીમાં તારીખ ૨૮ થી ૨ ૪ દિવસ એ હજરત ખ્વાજા સાહેબનો ઉર્સ નો મેળો યોજાયો હતો જે લોકમેળામાં ડેપ્યુટી કલેક્ટર ધોરાજી એ આયોજકોને નોટિસ પાઠવી જણાવેલું હતું કે ધોરાજી શહેરના હજરત ખ્વાજા જીની દરગાહની સામે આવેલ મેદાનમાં થતા ઉર્ષના લોક મેળામાં કોઈપણ મંજૂરી એનઓસી વગરન ભઈ જનક રાઈડ્સ ને મંજૂરી આપવામાં આવી નથી જેથી મનોરંજન પર્ફોર્મન્સ લાયસન્સ અને ગેમીંગ ઝોન એક્ટિવિટીઝ ૨૦૨૪ ની તમામ જોગવાઈ મુજબ લાઈસન્સ ન મળે ત્યાં સુધી એમ્યુઝમેન્ટ રાઈડ્સ શરૂ કરવી નહીં જે નોટિસ આપ્યા બાદ પણ સૂચનાનું પાલન નહીં કરતા ધોરાજી ડેપ્યુટી કલેક્ટરે મામલતદાર અને પોલીસને જાણ કરતા ઇન્ચાર્જ મામલતદાર ગોંડલીયા અને તેમની ટીમ દ્વારા ધોરાજીના મેળામાં સ્થળ ઉપર જતા પાંચ જેટલી રાઈડ્સ મંજૂરી વગરની ફરતી જોવા મળતા તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરી ધોરાજી શહેરના હજરત ખ્વાજાની દરગાહ સામે આવેલ મેદાનમાં ઉર્સના લોકમેળામાં કોઈપણ મંજુરી એનઓસી વગરની ભઈ જનક રાઈડ્સને ગુજરાત પોલીસ એક્ટ ૧૯૫૧ની કલમ ૩૩ (૧) (૫)અને ૧૩૧ (ક) નીચે સીઝર અને રૂપિયા ૧૦૦૦ નો દંડ વસુલ કરવામાં આવેલો હતો. રાજકોટમાં ગેમકાંડ બાદ જન્માષ્ટમી લોકમેળો તેમજ અન્ય મેળામાં પણ ઘણી બધી મુશ્કેલી સર્જાઈ હતી રાજકોટનો જન્માષ્ટમી મેળો ગોંડલનો જન્માષ્ટમી મેળો તેમજ ધોરાજી પાટણવાવ ભાયાવદર વગેરે મેળામાં પણ રાઈડ્સની મંજૂરી મળી ન હતી અને ધોરાજીના ઉર્સના લોકમેળામાં પણ મંજૂરી આપી ન હતી છતાં પણ પાંચ જેટલી રાઈડ્સ ગેરકાયદેસર શરૂ રાખતા મામલતદારે એક્શન લીધા હતા.

આ બાબતે ધોરાજીના ઇન્ચાર્જ મામલતદાર ગોંડલીયા એ જણાવેલ કે ડેપ્યુટી કલેક્ટર ની સૂચના અનુસાર અમોએ પાંચ જેટલી ગેરકાયદેસર રાઈડ્સ ની સામે કાયદેસરની કાર્યવાહી કરી સરકારના નિયમ પ્રમાણે ₹૧,૦૦૦ નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. રાજકોટ ગેમ ઝોન ઘટના બન્યા બાદ સરકાર એક્શનમાં આવી છે અને અધિકારીઓ પણ કોઈ પણ જાતની ગેરકાયદેસર પ્રવૃત્તિ ચલાવવા નથી દેતા પરંતુ ધોરાજીમાં લોકમેળામાં પાંચ જેટલી રાઈડ્સ નખાઈ જતા છેલ્લે છેલ્લે કાર્યવાહી કરવામાં આવી હતી આ બાબતે ઇન્ચાર્જ મામલતદાર ગોંડલીયાએ જણાવેલ કે મેળાની મંજૂરી રાત્રિના ૧૦ વાગ્યા સુધી આપવામાં આવી હતી પરંતુ લોક ચર્ચા મુજબ ઉર્સનો લોકમેળો આખી રાત ચાલ્યો હતો તે પણ

## હત્યાની કોશિશની કલમ હટતા PI પાદરીયાએ સરન્ડર કર્યું



એસીપી બી.જે.ચૌધરી સમક્ષ પીઆઇ સંજય પાદરીયા હાજર થતા નિવેદન નોંધી નોટિસ પાઠવી મુક્ત કરાયા : પી.આઈ પાદરીયા સાત દિવસ બાદ પોતાના ઘરે પહોંચતા જામીન મુક્ત થયા બાદ ટેકેદારોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો અને પાડોશીઓ દ્વારા કરવામાં આવ્યું સ્વાગત.

## દારૂની બાતમી આપ્યાની શંકાએ યુવકના પરિવાર ઉપર તલવાર-ધારિયાથી હુમલો

રાજકોટ.તા.૩

ચામડીયાપરા ખાટકી વાસમાં રહેતા યુવકના ઘર પાસે આવી મહિલા સહીતના આઠ શખ્સોએ સશસ્ત્ર હુમલો કરી યુવકના માતા-પિતા અને બહેન ઉપર જીવલેણ હુમલો કરતા સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે પોલીસે મહિલા સહીત આઠ સામે ગુનો નોંધ્યો છે. હુમલો કરનાર રોહિદાસપરાના હૈદરબાપુના ઘરે છ મહિના પહેલા પોલીસે દારૂનો દરોડો કરતા તેની આ બાતમી અરબાઝ ઉર્ફે રઈશએ આપી હોવાની શંકા રાખી હુમલો કરવામાં આવ્યો હતો.

બનાવ અંગે ચમડિયાપરા ખાટકીવાસમાં રહેતાં આસ્તાબેન મહમ્મદભાઈ ભાડુલા (ઉ.વ.૨૫)એ બી.ડિવિઝન પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેના નાના ભાઈ અરબાઝ ઉર્ફે રઈશને રોહિદાસ પરામાં રહેતા હૈદરબાપુ સાથે વર્ષોથી મિત્રતા હતી અને હૈદરબાપુ દારૂનો ધંધો કરતા હતા. છ મહિના પહેલા હૈદરબાપુના ઘરે પોલીસની રેઈડ પડતા આ બાતમી તેણીના ભાઈ અરબાઝએ આપી હોવાનું કે ઇએ હૈદરબાપુને કહેતા ત્યારથી હૈદરબાપુ અને અરબાઝ વચ્ચે મનદુખ ચાલતું હતું. એકાદ મહિના પહેલા પણ હૈદરના ભાઈ સદામે અરબાઝ સાથે ઝગડો કર્યો હતો.

# કાયદામાં રેસો તો ફાયદામાં રેસો નહીં તો વરઘોડામાંટે તૈયાર રહેજોઃ હર્ષ સંઘવી

## કાયદાનો ભંગ કરશો તો વરઘોડો કાઢવાની ચેતવણી આપતા રાજ્ય ગૃહમંત્રી

**અહેવાલઃ કાર્તિક બાવીશી**

સુરત, તા. ૨ઃ શહેરના પાંડેસરા GIDC વિસ્તારમાં ક્રાઈમ બ્રાંચ પાંડેસરા યુનિટના લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત રહેલા રાજ્ય ગૃહમંત્રી હર્ષ ભાઈ સંઘવી દ્વારા શહેરમાં આતંક મચાવતા અસામાજિક તત્વો અને ગુનેગારોને સીધી ભાષામાં સમજી જવા ચેતવણી આપી હતી. રાજ્ય ગૃહમંત્રીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે શહેરના નાગરિકોને ખોટી રીતે હેરાન પરેશાન કરવામાં આવશે અને કાયદાનું ઉલ્લંઘન કરશે તો વરઘોડો તો નીકળશે.લંગડાતા લંગડાતા ન ચાલવું પડે તે માટે કાયદાનું ચુસ્ત રીતે પાલન કરવું પડશે. આવા અસામાજિક તત્વો વિરુદ્ધ સુરત પોલીસ કડક હાથે કાર્યવાહી કરશે.



સુરત શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને ગુનાખોરી અટકે તે માટે શહેર પોલીસ દ્વારા સતત પ્રયાસ કરવામાં આવે છે. કેટલીક વખત એવું પણ બને છે કે જે સ્થળ ઉપર ગુનો બન્યો હોય ત્યાં પોલીસને પહોંચવામાં થોડો વિલંબ થઈ જતો હોય છે અને ગુનાના આરોપીને ભાગી છૂટવામાં સફળતા મળી જતી હોય છે. શહેરમાં બનતી ગંભીર ઘટનાઓના ભેદ ઉકેલી કાઢવા સુરત ક્રાઈમ બ્રાન્ચના શિરે પણ મોટી જવાબદારી રહેલી છે. જેથી ક્રાઈમ બ્રાન્ચ બનતી આવી ઘટનાના સ્થળે તાત્કાલિક ધોરણે પહોંચી શકે તે માટે રાજ્ય ગૃહમંત્રીના આદેશના પગલે સુરત પોલીસ દ્વારા સુરત ક્રાઈમ બ્રાન્ચ પાંડેસરા યુનિટનો પ્રારંભ કરવામાં આવ્યો છે. પાંડેસરા ત્ર્ઈઉઈ એસોસિએશનના સહયોગથી ત્ર્ઈઉઈ વિસ્તારમાં ક્રાઈમ બ્રાન્ચ પાંડેસરા યુનિટનું રાજ્ય ગૃહ મંત્રી હર્ષસંઘવીના વરદ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું છે. જે લોકાર્પણ પ્રસંગે સુરત મેયર દક્ષેશમાં માવાણી, ધારાસભ્યો તેમજ શહેર પોલીસ કમિશનર ઉપરાંત પોલીસના અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. વધુમાં રાજ્ય ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે, ઘણી વખત એવું થાય છે કે જે વ્યક્તિને રાખ્યો હોય તે વિશ્વાસઘાત કરે છે. જેથી તાત્કાલિક કારીગરોનું રજીસ્ટ્રેશન કરાવવું જોઈએ. ગુજરાત પોલીસની એપ પર આ વ્યવસ્થા કરવામાં આવી છે. જેથી કલાકો સુધી પોલીસ સ્ટેશનમાં બેસવું ન પડે. હું છેલ્લા ઘણા સમયથી જોઈ રહ્યો છું કે, આ વિસ્તારમાં આરોપીઓને શોધી શોધીને વરઘોડા નીકળી રહ્યા છે. શહેરના ખૂણે ખૂણેથી ટપોરીઓને શોધી શોધી પોલીસ વરઘોડા કાઢી રહી છે. જો તમને લાગે કે કોઈ ખૂણામાં ટપોરી રહી ગયો હોય તો હું ખાતરી આપું છું કે આવા લોકોને તમે પોલીસના વરઘોડામાં જોશો. આવા લોકોને ચૂંટાયેલા પ્રતિનિધિએ ક્યારેય પ્રોત્સાહન આપવું કે બચાવવો ન જોઈએ. આવા લોકો સમાજનું સૌથી મોટું દૂષણ છે. આજે વરઘોડા પણ ખૂબ સારા નીકળે છે. આવા લોકોને ચાલવામાં તો તકલીફ પડવી જ જોઈએ. તલવાર લઈ ન્યુસન્સ કરતા લોકોને એક પગથિયું ચઢવામાં તકલીફ પડે તેને પોલીસ કહેવાય. વ્યાજખોરો અંગે રાજ્ય ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે, લોકોએ વ્યાજના ચક્કરમાં ફસાવાની જરૂર નથી. સરકારી યોજનાઓનો લાભ લેવો જોઈએ. મોંઘા વ્યાજના ચક્કરમાં ફસાવાની બિલકુલ પણ જરૂર નથી. પોલીસ સ્ટેશન આવા લોકો પહોંચશે તો તેઓને જરૂર મદદ મળશે. સહકાર મળશે તો નીચે સુધીના લોકોને મદદ પહોંચાડવામાં આવશે.



વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, આજે શહેરના યુવાઓ માટે એક સફળ પ્રયાસ કરવામાં આવ્યો છે. જે ગુજરાતમાં સૌ પ્રથમ છે. જે યુવાનો ડ્રગ્સના નશામાં ફસાયા હોય તેવા લોકોને વેસુ સ્થિત નાર્કોટિક્સ યુનિટ ખાતે લઈ જવામાં આવશે. જેમાં તબીબો દ્વારા સારવાર આપી યોગ્ય કાઉન્સેલિંગ કરવામાં આવશે. જે ડ્રગ્સના બંધાણીની ઓળખ ગુપ્ત રાખવામાં આવશે.



# રાજકોટમાં PGVCLના કોન્ટ્રાક્ટરો કરાવી રહ્યા છે બાળ મજુરી ?!

**(સામના મિરર, સંવાદદાતા)**

રાજકોટ, તા. ૨ઃ રાજકોટના વોર્ડ નંબર એકમાં આવેલ દ્વારકેશ પાર્ક રોડ ઉપર PGVCLના અંડરગ્રાઉન્ડ વાયરીંગની કામગીરીમાં પીજીવીસીએલના કોન્ટ્રાક્ટરો દ્વારા કરાવવામાં આવી રહી છે બાળ મજૂરી આશરે સાતથી આઠ જેટલા બાળમજૂરો પીજીવીસીએલના અંડર ગ્રાઉન્ડ વાયરીંગની કામગીરીમાં બાળમજૂરી કરતા નજરે પડી રહ્યા છે. સરકાર પ્રયાસો કરી રહી છે કે બાળમજૂરી તથા બાળકોને લેબર વર્ક કરતા અટકાવવામાં આવે ખરેખર ભણવાની ઉંમરે બાળકો બાળમજૂરી કરતા હોય ત્યારે તેના ભણતર પર મોટી અસરો પડતી હોય છે ત્યારે આવા જાડી ચામડીના કોન્ટ્રાક્ટરો સસ્તી મજૂરી આપી બાળકોને બાળમજૂરી કરાવતા હોય છેઆવા બાળમજૂરી કરાવતા કોન્ટ્રાક્ટરો ઉપર કડક કાર્યવાહી કરવામાં આવે એવી સ્થાનિક લોકોની માંગ છે.

અત્રે ઉલ્લેખનિય છે કે, પીજીવીસીએલની કામગીરી ચાલતી હોવાથી સુપરવાઈઝરના ધ્યાને પણ આ બાળમજુરી ધ્યાને આવી નથી કે આમાં સુપરવાઈઝર પણ આંખ આડા કાન કરી રહ્યા છે તે જોવાનું રહ્યું.



નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.03/12/2024 TUESDAY


# રાજકોટમાં કાયદો અને વ્યવસ્થાની લથડતી સ્થિતી, ગુનેગારો બેફામ

## પોલીસની ઢીલી નીતિના કારણે સામાન્ય બાબતમાં પણ સરાજાહેર હુમલા-છૂરીબાજીની ઘટનાઓમાં ચિંતાજનક વધારો

### ■ સરાજાહેર મારામારીની ઘટનાઓમાં ઉછાળો, પોલીસ સ્ટેશનોમાં 'દલાલો' સક્રિય, આમજનતાનો અવાજ દબાયો

**(સામના મિરર, સંવાદદાતા)**

રાજકોટ, તા. ૨ઃ રાજકોટમાં ગુનેગારો બેફામ બન્યા છે શહેર પોલીસની ઢીલી નીતિના કારણે બેખૌફ બનેલા લુખ્ખાઓ જાહેરમાં છુરાબાજી, હુમલા, કરી રહ્યા છે. તેમજ છેડતીના બનાવો પણ બને છે. રાજકોટમાં ખાખીનો ખૌફ ધીમે ધીમે ઓસરી રહ્યો છે ત્યારે તેનો લાભ લઈ ગુનેગારો બેખૌફ બનીને ગુનાઓ આચરી રહ્યા છે. આવા મામલામાં વધારો થતાં ચિંતાજનક સ્થિતિ ઉભી થઈ છે. પોલીસ સ્ટેશનમાં કેટલાક દલાલો સક્રિય બની ગયા છે અને આમ જનતાનો અવાજ જાણે દબાઈ ગયો હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. રાજકોટ શહેરના મોટાભાગના પોલીસ અધિકારીઓ થોડા દિવસ પૂર્વે રજા ઉપર હોય અને રાજકોટ શહેરની પ્રજા ગુનેગારોના ભરોષે હોય તેવી સ્થિતિ ઉભી થઈ હતી.આ મામલે જો પોલીસ ગંભીર નહીં બને તો આગામી દિવસોમાં આવા લુખ્ખાઓ રાજકોટ શહેરને બાનમાં લઈ લેશે.રાજકોટમાં એક તરફ ચોરી, લુંટ અને મારા મારીની ઘટનાઓ દિનપ્રતિદિન વધી રહી છે. રાજકોટમાં બેફામ બનેલા ગુનેગારો અને લુખ્ખાઓને જાણે પોલીસનો ભય રહ્યો નથી. પોલીસના ડરથી અગાઉ જ્યારે ગુનેગારો જ્યારે ગુનો કરતા અચાક્તા હતા ત્યારે હાલની સ્થિતિ ક્યાય અલગ જ છે. ભૂતકાળમાં પોલીસ અધિકારીઓ ગુનેગારોને ખોફ બોલાવી દેવા પોતાના તાબા હેઠળના અધિકારીઓને છુટો દોર આપી દેતા હતા. હાલની સ્થિતિ ક્યાંક એવી છે કે, પોલીસ હવે કાયદાના દાયરામાં રહીને કામ કરે છે. જેનો લાભ આવા ગુનેગારોને મળી જાય છે અને આવા ગુનેગારો ગુનો કરવામાં અચકાતા નથી. કાયદાની એસી તૈસી કરનાર આવા લુખાઓને સમાજમાં પોલીસનો ડર બેસે તેવી કામગીરી કરવી જરૂરી છે. પોલીસ મથકમાં હાલ ગુનેગારો સામે કાર્યવાહી કરવા બદલે કેટલાક દલાલો સક્રિય થયા છે અને ગોઠવણથી આવા લુખ્ખાઓને હાજર કરી પોલીસની કાર્યવાહીથી બચાવી લે છે. અગાઉ જ્યારે પોલીસ કમિશનર કચેરીમાં જ ગુનેગારોને લીમડાનો સ્વાદ ચખાડવામાં આવતો હતો તે ગુનેગાર બીજી વખત ગુનો કરવાનું ભુલી જતો હતો.તેનાથી વિપરિત સ્થિતિ હાલ રાજકોટ પોલીસમાં જોવા મળી રહી છે.

### એસ્ટ્રોન ચોક પાસે યુવાનને ત્રિપુટી એ છરીના ઘા ઝીંક્યા

જુનીજેલ પાસે આવેલ નવયુગ પરામાં રહેતા વિનોદકુમાર જગદીશભાઈ ચાંડપાની ફરિયાદને આધારે એ ડિવીઝન પોલીસે કૃણાલ રાજુભાઈ ગોહેલ, લુલો સુરેશભાઈ ગોહેલ અને નિખીલ ચૌહાણ સામે ગુનો નોંધ્યો હતો. બનાવના કારણ અંગે વિનોદે જણાવ્યું કે, દોઢ મહિના પુર્વે કૃણાલ તથા તેના મિત્રો નવયુગપરામાં તેના ઘર નજીક બીજા વિસ્તારના યુવકોને ભેગા કરી બેસતા હોય જેથી તેણે કૃણાલને આ બાબતે સમજાવતા ઝગડો થયો હતો તેનો ખાર રાખી હુમલો હતો. એ-ડીવીઝન પોલીસે આ મામલે એટ્રોસીટી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી ત્રિપુટીની શોધખોળ શરુ કરી છે.

### કાલાવડ રોડ ઉપર ચાર શખ્સોનો યુવાન ઉપર હુમલો

નાનામવાના આંબેડકરનગર-૨, શેરી નં. ૬માં રહેતા અને ડ્રાઈવિંગ કરતા રવિ મનસુખભાઈ બથવાર (ઉ.વ.૨૭) એજી ચોક પાસે હોકર્સ ઝોનમાં આવેલી લારીમાં જમવા ગયો હતો. તે વખતે દૂર ટેબલ પર બેઠેલા આ ગ્રુપના એક શખ્સે રવીની સામે જોઈ ગાળો આપી તને કેમ પહેલા જમવાનું આપે છે, તારા કરતાં પહેલા અમે આવ્યા છીએ, તેમ કહી ઝગડો કર્યો હતો. રવીએ ગાળો આપવાની ના પાડતા આ ટોળકીએ રવી ઉપર હુમલો કરી દીધો હતો. બનાવ સ્થળ ઉપરથી એક શખ્સનો મોબાઈલ ફોન મળ્યો હતો. જેના પરથી તેનું નામ ગૌતમ સોલંકી હોવાનું અને એમ.જી. હોસ્ટેલમાં રહેતો હોવાનું માલુમ પડયુ હતું.આ મામલે તાલુકા પોલીસે એમ.જી. હોસ્ટેલના ગૌતમ સોલંકી અને તેના અને ત્રણ અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

### પોલીસને બાતમી આપ્યાની શંકાએ બૂટલેગરે પિતા- પુત્ર અને બહેનને માર માર્યો

મોરબી રોડ ઉપર ચામડિયા ખાટકીવાસમાં રહેતા અરબાઝ મહમદભાઈ ભાડુલા અને તેના પરિવાર ઉપર હૈદરબાપુ, અલીબાપુ, ધમબાપુ, સદામ, હસન, સાહિદ અને હૈદર તથા તેની માતા રોશન અને એક અજાણ્યા શખ્સે હુમલો કર્યાની ફરિયાદ બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાઈ છે, હૈદર નામનો શખ્સ જે દારૂનો ધંધો કરતો હોય તેને ત્યાં પોલીસે દરોડો પાડ્યો હતો. આ દરોડા અંગે આસ્થાના ભાઈ અરબાઝ ઉર્ફે રહિસે બાતમી આપ્યાની શંકાએ મુસ્લિમ પરિવારના પિતા-પુત્ર અને બહેન ઉપર હુમલો કરીને તેમને ધમકી આપતા આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

### રાજકોટમાં નવેમ્બર મહિનામાં હત્યાના ૬ બનાવો

રાજકોટ શહેરમાં નવેમ્બર મહિનામાં હત્યાના ૬ બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે. જેમાં ગત તા. ૧/૧૧ના રોજ કાર્તિક સરવૈયાની હત્યા, તા. ૭/૧૧ના રોજ કમલેશ રાઠોડની હત્યા, તા. ૧૬/૧૧ના રોજ વિજય સોલંકીને મોતને ઘાટ ઉતારવામાં આવ્યો હતો, તા. ૨૧/૧૧ના રોજ રાજેશ રાજપૂતની હત્યાનો બનાવ અને તા. ૨૪/૧૧ના રોજ રેશ્માબેન નામની મહિલાની હત્યા કરવામાં આવી જ્યારે ગત તા. ૩૦/૧૧ના રોજ શનિવારે કોઠારિયા રોડ પર કારખાનેદાર હાર્મિશને ફાઈનાન્સરે મોતને ઘાટ ઉતારી દીધો હતો. હત્યાના બનાવો ઉપરાંત હત્યાની કોશિષ અને મારામારી અને હુમલાના પણ અસંખ્ય બનાવો પોલીસ ચોપડે નોંધાયેલા છે.







# મહારાષ્ટ્રના નાથ એકનાથ!

## મહારાષ્ટ્રના રાજકારણમાં મુખ્યમંત્રીની રેસમા સૌથી આગળ જો કોઈ હોય તો એ એકનાથ સિંદે છેઃ આંનદ દીગેના શિષ્ય તરીકે મહારષ્ટ્રમાં એકનાથ શિંદેએ અનેક વિધ સારા કાર્યો કર્યા છે




**અહેવાલ**
**હેમલ વિઠ્ઠલાણી**



મહારાષ્ટ્રના રાજકારણમાં મુખ્યમંત્રીની રેશમા સૌથી આગળ જો કોઈ હોય તો એ નિર્વિવાદિત ખૂબ જ લોકપ્રિય એકનાથજીનું નામ ચર્ચા પણ રહ્યું છે સુત્રો પાસેથી મળતી વિગતો મુજબ એક વર્ષ માટે મુખ્યમંત્રી પદ એકનાથ સિંદેને મળી શકે તેવી શક્યતાઓ વર્તાઈ રહી છે  જ્યારે મહારાષ્ટ્રના રાજકારણમાં સૌથી ચોક આવનારા પરિણામો આવ્યા ત્યારે પૂર્વ મુખ્યમંત્રી એકનાથ  સિંદેની અગ્નિ પરીક્ષા જેવી સ્થિતિ વર્તાઈ રહી હતી જેમાં શિવસેના એનસીપી તથા બીજેપીનું સર્વશ્રેષ્ઠ પરફોર્મન્સ હતું ભારતીય જનતા પાર્ટીએ મહારાષ્ટ્રમાં અણધાર્યું પરિણામ લાવ્યા હતા હાલની પરિસ્થિતિને ધ્યાનમાં લઈને મુખ્યમંત્રી માટેનું કોકડું ગૂંચવાઈ રહ્યું છે  જેમાં  ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તથા ફાઈનાન્સ મિનિસ્ટર નિર્મલા સીતારામન નું આજે મુંબઈ ખાતે આગમન થયુ, છે.  મહારાષ્ટ્રના આગામી મુખ્યમંત્રી કોણ બનશે તેની સૌ કોઈ રાહ જોઈ રહ્યા છે.  મુખ્યમંત્રી માટે કોની ઉપર મહોર લાગશે તે મહારાષ્ટ્રના લોકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે મહારાષ્ટ્રના સૌથી લોકપ્રિય ચહેરા એવા એકનાથ સિંદેને લોકો ફરીથી મુખ્યમંત્રી પદ માટે જોવા માંગે છે  ત્યારે મુંબઈના કાંદીવલીના ચરકોપ વિધાનસભા તથા મલાડ વિધાનસભા ના વિભાગ પ્રમુખ શ્રી લાલસિંહ રાજપુરોહિત સાથે કાલે ખાસ મુલાકાત થઇ હતી. એક સાચા શિવ સૈનિક તરીકે શ્રી લાલસીંગ રાજ પુરોહિત એ એક સાચા સૈનિક તરીકે અનેક કાર્યો કર્યા છે.



# જનતાના મનમાં તો હું જ મુખ્યમંત્રી છું:શિંદે



અહેવાલ
હેમલ વિઠ્ઠલાણી

મુંબઇ, તા.૨

મહારાષ્ટ્રમાં નવી સરકારની રચનામાં સતત થઇ રહેલા વિલંબમાં ફરી એક વખત ખડુ થાય તેવી શક્યતા છે. એક તબકકે હું હવે મુખ્યમંત્રી પદની રેશમાં નથી તેવી જાહેરાત કરનાર વાર્તમાન કાર્યવાહક મુખ્યમંત્રી એકનાથ શિંદેએ કરેલા જબરા ચર્ચામાં છે. તેમણે એક મુલાકાતમાં કહ્યું કે લોકો ઇચ્છે છે કે હું ફરી મુખ્યમંત્રી બનું કારણ કે મેં એક કોમનમેનની જેમ લોકોના કામ કર્યા છે અને લોકોની સમસ્યાઓ ઉકેલવા માટે તેઓ મારી તરફ જુએ છે.

શિંદેના આ વિધાનો બાદ તેઓએ આજે તેમના તમામ કાર્યક્રમો રદ કર્યા છે અને સુત્રોના જણાવ્યા મુજબ તેઓ ફરી એક વખત દિલ્હી જઇ શકે છે અને તેમની સાથે નાયબ મુખ્યમંત્રી અજિત પવાર અને દેવેન્દ્ર ફડનવીસ પણ દિલ્હી પહોંચે તેવી ધારણા છે. જેમાં સરકારની રચના અંગે આખરી નિર્ણય લેવાશે અગાઉ દર સપ્તાહે દિલ્હી પરત ફર્યા બાદ શિંદે પોતાના વતનમાં ચાલ્યા ગયા હતા અને રવિવારે પરત ફર્યા બાદ તેઓએ કરેલા વિધાનો હજુ ચર્ચામાં હતાં ત્યાં જ હવે દિલ્હીથી તેડુ આવ્યું હોવાનું માનવામાં આવે છે.આમ મહારાષ્ટ્રનો વિખવાદ ફરી એક વખત દિલ્હીમાં ફેરવાયો છે અને તા.૫ ની શપથવિધિ પૂર્વે કોઇ નવા નાટયાત્મક દ્રશ્યો જોવા મળે છે કે પછી દેવેન્દ્ર ફડનવીસ ફરી એક વખત મહારાષ્ટ્રના મુખ્યમંત્રી બને છે તે અંગે ચર્ચા છે.

શ્રી શિંદેએ અગાઉ તેમના વિધાનોમાં અજિત પવાર અને તેના પક્ષ સામે પણ ટીપ્પણી કરતા કહ્યું કે જો મહાયુતિમાં અજિત પવાર જોડાયા ન હોત તો અમે ચૂંટણીમાં વધુ બેઠકો લડી હોત અને ૯૦ થી ૧૦૦ બેઠકો જીતી શક્યા હોત.



**મુંબઈના કાંદીવલીના ચરકોપ વિધાનસભા તથા મલાડ વિધાનસભાના વિભાગ પ્રમુખ શ્રી લાલસિંગ રાજપુરોહિત સાથે કાલે ખાસ મુલાકાત થઇ હતી. એક સાચા શિવ સૈનિક તરીકે શ્રી લાલસીંગરાજ પુરોહિતે અનેક કાર્યો કર્યા છે**

## મહારાષ્ટ્રનુ કોકડુ ઉકેલવાની જવાબદારી પૂર્વ સીએમ વિજય રૂપાણી અને કેન્દ્રીયમંત્રી નિર્મલા સીતારમણના શીરે





રાજકોટ,તા.૩

ભારતીય જનતા પાર્ટી ()એ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીને મોટી જવાબદારી સોંપી છે. ભાજપે મહારાષ્ટ્રમાં સરકાર બનાવવા માટેના પ્રયાસો તેજ કરી દીધા છે. આ સાથે કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારમણને પણ મોટી જવાબદારી સોંપવામાં આવી છે.

ભાજપે નાણામંત્રી નિર્મલા સીતારમણ અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીને નિરીક્ષક બનાવ્યા છે. બંને મંગળવારે મુંબઈ જશે અને ધારાસભ્ય દળની બેઠકમાં સીએમ ચહેરા વિશે વાત કરશે. વિજય રૂપાણીએ કહ્યું હતું કે પાર્ટીએ મને અને નિર્મલા સીતારામને આ જવાબદારી સોંપી છે. પાર્ટીના આદેશ મુજબ અમે મહારાષ્ટ્ર જઈશું. ત્યાં અમે તમામ ચૂંટાયેલા ધારાસભ્યો સાથે બેઠક યોજીશું અને પક્ષના નેતા તરીકે સર્વવ્યાપી માન્યતા પ્રાપ્ત વ્યક્તિને પસંદ કરવામાં આવશે. અમે એક-બે દિવસમાં મહારાષ્ટ્ર જઈશું અને આ પ્રક્રિયા પૂરી કરીશું.

# કુલપતિ ચેમ્બર સહિત યુનિ.ની મિલ્કતો સીલ કરવા કોર્પો.ની ટીમ પહોંચતા દોડધામ

## કલેકટરે મધ્યસ્થી કરવી પડીઃ સુપ્રિમના ચૂકાદા સહિતના આધારો પણ ન સાંભળતા અધિકારીઓ ઢીલાઢફ..!

રાજકોટ, તા.૩

મ્યુનિ. કોર્પોરેશનની વેરા વસુલાત ઝુંબેશ ખાનગી અને સરકારી મિલ્કતોમાં પણ કડકાઈથી આગળ વધી રહી છે. તેમાં આજે ફરી કોર્પો.ની સૌથી મોટી પૈકીની એક સ્વતંત્ર સંસ્થા એવી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં મનપાની ટેક્સ રીકવરી ટીમ ઉઘરાણીએ જતા દોડાદોડી થઇ ગઇ હતી.પોતાના કેમ્પસની તમામ મિલ્કતોની આકારણી પણ યુનિ. કરવા દેતી નથી ત્યારે વેરા વિભાગે કડક અપનાવી આજે કુલપતિ સહિતની ચેમ્બરને સીલ મારવાની તૈયારી કરતા તંત્ર વાહકો ઉભા થઇ ગયા હતા. આ મામલો છેક કલેકટર સુધી પહોંચ્યો હતો અને સરકારી કચેરી સાથે સુવ્યવહાર રાખીને વેરો ભરવાનું શરૂ કરવા મુદત અપાઇ છે.

દાયકાઓથી સૌરાષ્ટ્ર યુનિ.એ મનપાને ૧૭ કરોડનો વેરો ભર્યો નથી અને હજુ આટલી જ રકમની વેરાની આકારણી બાકી હોવાનું તંત્ર કહે છે. દર વર્ષે સૌરાષ્ટ્ર યુનિ. પાસે વેરાની ઉઘરાણી કરવામાં આવે છે. દરેક કરદાતાની જેમ બીલ અને નોટીસની




બજવણી કરવામાં આવે છે. આટલા વર્ષોમાં વેરાનું માંગણુ કરોડોમાં આવી ગયું છે. હવે મુંજકા વિસ્તાર રાજકોટ મનપામાં ભળી ગયો છે. આથી મુંજકા સહિતના ભાગમાં આવતી યુનિ.ની મિલ્કતો વેરાને પાત્ર બની છે. આ વિવાદી લેણા મામલે અગાઉ બે-બે મ્યુનિ. કમિશ્નર અને બે-બે કુલપતિ વચ્ચે મીટીંગ પણ થઇ ચૂકી છે.

સહકારની વાત વચ્ચે જયારે ઉઘરાણી થાય છે ત્યારે જવાબદાર અધિકારીઓ કોર્પો.ની ટીમને જવાબ તો આપતા નથી, હવે રીતસર કેમ્પસમાંથી નીકળી જવાની સૂચના આપતા હોય, તાજેતરમાં આ ગંભીર હાલત કમિશ્નરના ધ્યાને પણ આવી હતી. દરમ્યાન આજે ટેક્સ રીકવરી વિભાગની ટીમ યુનિ.માં પહોંચી હતી અને વેરાની ઉઘરાણી કરી હતી. આ સમયે અધિકારીઓએ કોઇ જવાબ આપ્યો ન હતો. સાથે જ અમારે વેરો ભરવાનો ન હોય તેવું કહીને કેમ્પસમાંથી નીકળી જવા કહ્યું હતું.આથી વેસ્ટ ઝોનના ડે.કમિશ્નર ચેતન નંદાણીને જાણ કરવામાં આવી હતી. તેઓએ નિયમ મુજબ વાતચીત કરવા સંદેશો આપ્યો હતો. પરંતુ છેલ્લે અપાયેલી નોટીસ પરથી અંતે કુલપતિ કાર્યાલય સહિતની ઓફિસ તથા અમુક બિલ્ડીંગને સીલ મારવા તૈયારી શરૂ કરતા વેરો ભરવાની ચોખ્ખી ના પાડતા અધિકારીઓને ભાગાભાગી થઇ ગઇ હતી. બીલ ન ભરવા અને ઉપરથી ઉઘરાણી પણ ન કરવાના જવાબથી મનપા અધિકારીઓ થાકયા હોય, આજે કડક કાર્યવાહીનો નિર્ણય લેવાયો હતો. એક તબકકે ઓફિસો સીલ કરવા કાર્યવાહી શરૂ થઇ હતી.

આથી આ મામલો છેક કલેકટર સુધી પહોંચ્યો હતો અને કલેકટર કચેરીએ દરમ્યાનગીરી કરવી પડી હતી. અંતે બે સરકારી કચેરી વચ્ચેના વિવાદમાં સરકારની જ સંસ્થાને સીલ મારવાને બદલે હવે યોગ્ય રસ્તે કેસ સાંભળવા અને વેરો ભરવા સંમતિ સધાઇ છે.

જોકે કોર્પો.ને યુનિ. તંત્ર પર ભરોસો નથી. આથી ફરી આ મામલો સરકારમાં જાય તેવું લાગે છે. પરંતુ કોર્પો. પાસે કાનુની આધાર હોય, ટુંક સમયમાં ફરી કડક ઉઘરાણી કરશે તેમ સુત્રોએ કહ્યું હતું. વિશ્વ વિદ્યાલયમાં મુખ્ય કેમ્પસ, જુદા જુદા ભવનો, હોસ્ટેલ, લાયબ્રેરી સહિતની ૭૦ જેટલી મિલ્કત રહેલી છે. છેલ્લા વર્ષોમાં ઘણા નવા સંકુલ બાંધવામાં આવ્યા છે. પરંતુ યુનિ. વેરા આકારણી કરાવતી નથી. કોર્પો.નું જે ૧૭ કરોડનું લેણુ છે તે અગાઉ થયેલી આકારણી મુજબ માત્ર ૩૫ મિલ્કતનું છે. બાકીની ૩૫ મિલ્કત તો માપવાની પણ બાકી છે. આ આકારણી થાય એટલે લેણુ ડબલ થાય તેમ છે. કોર્પો. એકતરફી આકારણી કરે તો ખુબ મોટુ માંગણુ થાય તેમ છે. આથી નિયમ મુજબ માપણી અને આકારણી કરવા દેવા સૂચન કર્યુ છે.

### ૩ ડિસેમ્બર આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ

# દિવ્યાંગોને સશક્ત કરતી રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓ

## બસપાસ યોજના, શિષ્યવૃત્તિ, લગ્ન, પેન્શન, આજીવિકા માટે અનેકવિધ યોજનાઓ થકી દિવ્યાંગો બની રહ્યા છે આત્મનિર્ભર

રાજકોટ, તા.૩

સમૃદ્ધ રાષ્ટ્રના નિર્માણ માટે દિવ્યાંગોને મુખ્ય ધારામાં આગળ ધપાવવા, તેમને સમજવા અને તેમના પ્રત્યે લોકોનો દ્રષ્ટિકોણ ઉમદા બનાવવાના હેતુસર દર વર્ષે તા. ૩ ડિસેમ્બરને આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ ૨૦૨૪ની થીમ સમાવિષ્ટ અને ટકાઉ ભવિષ્ય માટે દિવ્યાંગ વ્યક્તિઓના નેતૃત્વને વધુ વિસ્તૃત બનાવવું રાખવામાં આવી છે. ગુજરાત સરકાર દ્વારા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં દિવ્યાંગોના સામાજિક અને આર્થિક વિકાસ માટે અનેકવિધ પગલાંઓ લેવામાં આવી રહ્યાં છે. ગુજરાત સરકારે દિવ્યાંગ ઓળખકાર્ડ, એસ.ટી. બસમાં મફત મુસાફરી યોજના, દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજના, દિવ્યાંગ લગ્ન સહાય યોજના, સંત સુરદાસ યોજના, ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબલ પેન્શન સ્કીમ, દિવ્યાંગ સાધન સહાય યોજના, મનોદિવ્યાંગ વ્યક્તિઓને આર્થિક સહાય આપવાની યોજના જેવી અનેક કલ્યાણકારી યોજનાઓ કાર્યાન્વિત છે. જે પૈકી દિવ્યાંગ સાધન સહાય યોજનાના લાભાર્થીશ્રી વિજયાગૌરીબેન હિંગુ જણાવે છે કે, હું રાજકોટમાં રહું છું, મને જન્મજાત પગમાં ખામી છે. મને સમાજ સુરક્ષા અધિકારીની કચેરી તરફથી ગરીબ કલ્યાણ મેળામાં દરજી કામ માટે સિલાઈ મશીન મળ્યું છે, એ પણ તદ્દન નિઃશુલ્ક... હું સિલાઈ મશીન વડે કપડાં સાંધવાનું કામ કરું છું. સરકારનો આભાર કે સિલાઈ મશીનથી નાનું-મોટું કામ કરીને થોડી-ઘણી કમાણી કરી લઉં છું, તો આર્થિક ટેકો મળી જાય છે અને મારે કોઈ પાસે હાથ લંબાવવો પડતો નથી. હું મુસાફરી કરવા માટે બસ કાર્ડ અને રેલ્વે કાર્ડનો પણ ઉપયોગ કરું છું. મારા જેવા દિવ્યાંગોને આત્મનિર્ભર બનાવવા, સરકાર સતત પ્રયત્નશીલ છે. ત્યારે સરકારી યોજનાઓનો દિવ્યાંગો લાભ લે, તેવો મારો અનુરોધ છે.

ઉલ્લેખનીય છે કે દિવ્યાંગો માટે વિવિધ સરકારી યોજનાઓ અંતર્ગત છેલ્લા પાંચ વર્ષમાં ૬.૨૦ લાખથી વધુ લાભાર્થીઓને રૂ. ૬૫૦ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. દિવ્યાંગોને કલ્યાણકારી યોજનાઓનો લાભ મળવાથી તેઓ વધુ સશકત બન્યા છે.

# ૯૨-ઈ હેઠળ રિપોર્ટ કરદાતાઓને રીટર્ન ફાઈલ કરવાની મુદ્દત વધારાઈ




નવી દિલ્હી તા.૩

કેન્દ્રીય સીધા કરવેરા બોર્ડ દ્વારા ચોકકસ વર્ગના કરદાતાઓને રાહત આપવામાં આવી છે. આવકવેરા કાયદા હેઠળ ૯૨ઈ હેઠળ રિપોર્ટ દાખલ કરવાનો હોય તેવા કરદાતાઓ માટે રીટર્ન ભરવાની તારીખ લંબાવી દેવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય અથવા ખાસ વિશિષ્ટ સ્થાનિક નાણાંકીય વ્યવહારોમાં સામેલ કરદાતાઓને આ કલમ ૯૨ઈ લાગુ પડે છે.

કેન્દ્રીય સીધા કરવેરા બોર્ડે જાહેર કર્યુ છે કે, આ કરદાતા ૨૦૨૩-૨૪ના વર્ષ માટેના આયકર રિટર્ન ૧૫ ડીસીઆર સુધી ભરી શકશે. નિષ્ણાંતોના કહેવા પ્રમાણે ટ્રાન્સફર પ્રોસેસીંગ ઓડીટ હેઠળ રીપોર્ટ ફાઈલ કરવામાં મુશ્કેલી અનુભવતા કરદાતાઓને રાહત મળશે. પોતાની ખોટ વ્યાજમાં લાભ થશે. પોતાની ખોટ આગલા વર્ષમાં લઈ જઈ શકશે.



નો ફેવર, નો ફિઅર...
સામના મિરર

મોતની સોદાગર રાજકોની ટીપ્પરવાન

ભાગ-1

# રાજકોટવાસીઓ માથે મંડરાતુ જીવનું જોખમ એટલે મનપાની 'ટીપ્પરવાન'?!

અહેવાલ
હેમલ વિઠ્ઠલાણી



ટીપરવાનમાં મરામત માટે પણ યોગ્ય કામગીરી ન થતા તૂટેલા પતરાં તેમજ ધુમાડો ઓકતી વાન દરેક શહેરીજનને ક્યાંકને ક્યાંક જોવા મળે છે

## રાજકોટ શહેરની તમામ ટીપરવાનોમાં ચેકિંગ હાથ ધરવાની આરટીઓ તંત્રની તૈયારી

સામના મિરરે આરટીઓ અધિકારીનું ધ્યાન દોરતા તેને ટીપ્પરવાનોમાં ચેકિંગ કરવાની ખાતરી આપી હતી અને જરૂર પડ્યે દંડની કાર્યવાહી પણ કરવામાં આવશે તેમ આરટીઓ અધિકારી ખપેડે જણાવ્યું હતું



મનપા ગમે તેટલી નવી ટીપરવાનની ખરીદી કરે પણ વાહનચાલકોને યોગ્ય તાલીમ અને અનુશાસન નહિ અપાય તો આ વાહનો પણ ઝડપથી ભંગાર થશે અને પ્રજાના પૈસાનું પાણી થશે.

# રાજકોટ મનપાને પાણીના જ 1500 કરોડ ચૂકવવાના બાકી



અહેવાલઃ આનંદ સોમૈયા

## પાણી પૂરું પાડતા વિવિધ વિભાગના બાકી નાણાં ચૂકવવા શક્ય ન હોય સરકારને પત્ર લખી બિલ માફીની માગ કરી

રાજકોટઃ રાજકોટ મહાનગરપાલિકાનું વાર્ષિક બજેટ રૂ. ૨૮૦૦ કરોડ આસપાસનું છે. ત્યારે તમને જાણીને નવાઈ લાગશે કે, મનપાએ રાજ્ય સરકારના વિવિધ વિભાગોના પાણીના બાકી બિલની રકમ ૧૫૦૦ કરોડથી વધુની છે. વર્ષોથી કાગળ પર વધી રહેલા બાકી બિલની આ રકમ મનપા ચૂકવી શકે તેમ ન હોય સરકારને પત્ર લખી બિલ માફ કરી દેવાની માગ કરવામાં આવી છે. રાજકોટ મનપાને સિંચાઈ વિભાગ ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ ગુજરાત પાણી પુરવઠા બોર્ડ , અને સૌની યોજનાનાં કરોડો રૂપિયાનાં બિલ છેલ્લા ૧૦ જેટલા વર્ષથી બાકી છે. જેમાં [illegible]નાં સૌથી વધુ ૮૮૨ કરોડ જ્યારે સૌની યોજનાનાં રૂ. ૧૮૪ કરોડ સહિત કુલ રૂ. ૧૫૧૭ કરોડનાં બિલ મનપાને મળ્યા છે. પ્રાપ્ત વિગત મુજબ રાજકોટ કોર્પોરેશન અને સિંચાઈ વિભાગ વચ્ચે લાંબા સમયથી પાણી વિતરણના બાકી બિલના ગજગ્રાહ ચાલી રહ્યો છે. મહાનગરપાલિકા અને સિંચાઈ વિભાગ વચ્ચે આજી-૧ ડેમમાંથી પાણી ઉપાડવા અને સૌની યોજના અમલમાં આવી ત્યારથી આજસુધી નર્મદાનીર વિતરણના બિલ મુદ્દે છેલ્લા ૮ વર્ષથી વિવાદ ચાલી રહ્યો છે. ત્યારે સિંચાઈ વિભાગે મનપા પાસે સૌની યોજનાના પાણી વિતરણથી માંડી સિંચાઈ વિભાગ હસ્તકના આજી- ૧, ભાદર-૧ અને ન્યારી-૨ના ઉપયોગ કરવા સબબ તેમજ ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ અને સૌની યોજનાનાં ઓક્ટોબર-૨૪ સુધીના બાકી બિલ પેટે રૂ.૧૫૧૭ કરોડ ભરપાઈ કરવા મહાનગરપાલિકા પાસે ઉઘરાણી કરી છે. એક તરફ મહાનગરપાલિકાએ આગામી જાન્યુઆરીથી આજી-૧ અને ન્યારી-૧માં સૌની યોજના હેઠળ નર્મદાનીર ઠાલવવા રાજ્યના સિંચાઈ વિભાગને પત્ર લખ્યો છે. ત્યારે બીજી બાજું સિંચાઈ વિભાગે પણ મહાનગરપાલિકાનું નાક દબાવવા પ્રયાસ કર્યો છે.

રાજકોટ મનપાની ગત વર્ષે માર્ચ-૨૩ સુધીમાં બિલની બાકી રકમ રૂ. ૧૩૪૨ કરોડ હતી. જે આ વર્ષે વધીને ૧૫૧૭ કરોડ પર પહોંચી ગઈ છે. રાજકોટ મહાનગરપાલિકાના મહાકાય વોટરટેન્ક જેવા બની ગયેલા આજી અને ન્યારીડેમ શહેરના વધતાં જતાં વિસ્તારો અને વસતી સામે પાણીની જરૂરિયાત પુરી કરતાં દર છ મહિને તળિયા ઝાટક થાય છે. આવા સંજોગોમાં મહાનગરપાલિકા દ્વારા નર્મદા યોજના ઉપર આધાર રાખવો પડે છે. પણ મહાનગરપાલિકા દ્વારા સૌની યોજના હેઠળ મેળવવામા આવતા નર્મદાનીર, પાઈપલાઈન મારફત મેળવવામાં આવતા નર્મદાનીર અને આજી ડેમમાંથી ઉપાડ કરતાં પાણીના બિલ મળીને અંદાજે ૧૫૧૭ કરોડ જેવી રકમ બાકી છે. મહાનગરપાલિકા દ્વારા સૌની યોજના હેઠળ વર્ષમાં બે વાર પાણી માંગવામાં આવે છે. ૨૦૨૫ની શરૂઆતમાં આજી અને ન્યારી માટે મહાનગરપાલિકાએ ફરી ૨૫૦૦ એમસીએફટી નર્મદાનીરની માગણી કરી છે. અને રાજ્યના સિંચાઈ વિભાગ દ્વારા સૌની યોજના હેઠળ નર્મદાનીરના પ્રતિ હજાર લીટર ૭.૧૮ રૂપિયાનો ખર્ચ મનપાની પાસેથી ઉઘરાવવામાં આવે છે. આ મુળ રકમમાં દરવર્ષે નિયમ મુજબ ૧૦ ટકાનો વધારો થાય છે. સાથોસાથ બાકી બિલની લેણી રકમ ઉપર સિંચાઈ વિભાગ દ્વારા પેનલ્ટી અને વ્યાજ પણ વસુલવામાં આવે છે. પેનલ્ટી અને વ્યાજ સહિતની રકમ વધીને હવે રૂ. ૧૫૧૭ કરોડ એટલે કે મનપાનાં અડધા કરતા વધુ વાર્ષિક બજેટ જેટલી થઈ ચૂકી છે.

### મહાનગરપાલિકાએ બિલ તો ભરવા જ પડે!

વર્ષ ૨૦૧૭માં જ્યારે સૌની યોજના હેઠળ નર્મદાનીરના લોકાર્પણ માટે વડાપ્રધાન મોદી રાજકોટ આવ્યા હતા ત્યારે તેઓએ નર્મદાનીર મફત આપવાની જાહેરાત કરી હતી. પણ સિંચાઈ ખાતું કહે છે કે આવા કોઈ લેખિત આદેશ મળ્યા નથી. આથી મહાનગરપાલિકાએ બિલ તો ભરવા જ પડે! આ વિવાદમાં ૨૦૧૭થી નર્મદાનીરની વિવાદિત બિલની રકમ ઉત્તરોત્તર વધીને રૂ. ૧૮૪ કરોડને પાર કરી ગઈ છે. આવી જ રીતે, જીડબલ્યુઆઈએલની લેણી રકમ પણ વધીને રૂ. ૮૮૨ કરોડને પાર કરી ગઈ છે. જીડબલ્યુઆઈએલના બિલમાં દરવર્ષે ૧૦ ટકાનો વધારો કરવામાં આવે છે.

### આજી-૧, ન્યારી-૨ અને ભાદર-૧ સિંચાઈ વિભાગ હસ્તક હોવાનું તંત્ર કહે છે

જીડબલ્યુઆઈએલના બિલની રકમ મનપાએ વર્ષ ૨૦૦૪થી ચુકવી નથી. આજીડેમમાંથી પાણી ઉપાડવા માટેના ખર્ચ સહિતનું બિલ વર્ષ ૧૯૮૨થી બાકી છે. આ મુળ બાકી રકમ ઉપર વ્યાજ અને પેનલ્ટીની રકમ મળીને આ આંકડો રૂ.૧૫૧૭ કરોડને પાર થઈ ગયો છે. આજી-૧ ન્યારી-૨ અને ભાદર -૧ સિંચાઈ વિભાગ હસ્તકના ડેમ હોવાનું તંત્ર કહે છે. તો મહાનગરપાલિકા આજી-૧ પોતાની માલિકીનો ડેમ હોવાનું કહી પોતાની માલિકીના ઘરનું ભાડું ભરવાનું ન હોય તેવો દાવો કરી રહ્યું છે. આ અંગે મહાનગર પાલિકાએ વિરોધ કર્યા બાદ ૨૦૦૮માં જનરલ બોર્ડમાં ઠરાવ કરીને ૧૯૮૨થી આજીડેમનો કેપીટલ ખર્ચ, જમીન સંપાદન અને પાણીના દરનો ખર્ચ મનપાએ ચુકવી દીધો હોય આજીડેમની માલિકી પોતાની ગણાય તેમ જણાવીને રાજ્ય સરકારને ઠરાવ મોકલી દીધો છે. પણ આ ઠરાવનો છેલ્લા પંદર વર્ષથી સરકારમાં ગોટાળે ચડી ગયો હોય તેમ હજીપણ આજીડેમમાંથી પાણી ઉપાડનું બિલ આપવામાં આવી રહ્યું છે.

### બેડી સંમ્પમાં ૬૦ અને ન્યારા સંમ્પમાં ૭૦ એમએલડી પાણી ઠલવાય છે

ગુજરાત પાણી પુરવઠા બોર્ડ દ્વારા જૂથ યોજના હેઠળ કોઠારિયા, વાવડી, મોટામવા અને મુંજકાને પાણી અપાતું હતું. આ માટે નારાયણનગરમાં પાણી પુરવઠા બોર્ડનો ફિલ્ટરપ્લાન્ટ કાર્યરત છે. જેનો ઉપયોગ કરવા બદલ મહાનગરપાલિકાને ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડે ઓક્ટોબર માસ સુધીના બાકી બિલ પેટે ૩.૦૬ કરોડની રકમના બિલની ઉઘરાણી કરી છે. જ્યારે જીડબલ્યુઆઈએલ (ગુજરાત ઈન્ફ્રાસ્ટક્ચર લિમીટેડ) દ્વારા પાઈપલાઈન મારફત નર્મદાનાં નીર આપવામાં આવે છે.



અહેવાલઃ આનંદ સોમૈયા

# યુવાવર્ગ હવે ડિજિટલ એલજીર્નો શિકાર

## ડિજિટલ એલર્જી કોઈ બીમારી નથી પણ ડિજિટલ ઉપકરણોના વધુ પડતાં ઉપયોગથી ઉદ્ભવતી સમસ્યા છે

નવી દિલ્હી,તા.૨

ડિજિટલ એલર્જી એ સંપૂર્ણપણે નવી અને જીવલેણ જીવનશૈલીની સમસ્યા છે, જે આ દિવસોમાં માત્ર વિકસિત પશ્ચિમી જગતમાં જ નહીં, પણ ભારતમાં પણ યુવાનો પર તેની પકડ ઝડપથી મજબૂત કરી રહી છે. આ એલર્જી વાસ્તવમાં ડિજિટલ ઉપકરણોના વધુ પડતાં ઉપયોગ અને સ્ક્રીન સમય વધારવાને કારણે થઈ રહી છે

જો કે, 'ડિજિટલ એલર્જી' એ કોઈ તબીબી પરિભાષા નથી અને ન તો તેની સારવાર દવાઓથી થઈ શકે છે. વાસ્તવમાં, આ ડિજિટલ ઉપકરણોના વધુ પડતાં ઉપયોગથી ઉદ્ભવતી સમસ્યા છે, જેનું સૌથી મોટું કારણ ઇન્ટરનેટ અથવા તેનાં દ્વારા બનાવેલું વર્ચ્યુઅલ વિશ્વ છે.

આજની યુવા પેઢીમાં, ખાસ કરીને મહાનગરોમાં ઉછરી રહેલાં લોકોમાં, શારીરિક, માનસિક અને ભાવનાત્મક સ્તરે ડિજિટલ એલજીર્ના ખતરનાક લક્ષણો દેખાવા લાગ્યાં છે.

### સંબંધો અને સામાજિક જીવનમાં પણ અડચણરૂપ

આ બધાને કારણે યુવાનોમાં મોટા પાયે ડિજિટલ એલજીર્ની પકડ મજબૂત થઈ રહી છે. તેમની વચ્ચે માનસિક બીમારીઓનું જોખમ વધી રહ્યું છે. શારીરિક વિકાસ પ્રભાવિત થઈ રહ્યો છે, સંબંધો અને સામાજિક જીવન અવરોધાઈ રહ્યું છે અને તેમનાં કામમાં ઉત્પાદકતા અને સર્જનાત્મકતાનો પણ અભાવ છે. આવી સ્થિતિમાં, વિશ્વભરનાં મનોવૈજ્ઞાનિકો લોકોને ડિજિટલ એલર્જી વિશે સાવચેત રહેવાની ચેતવણી આપી રહ્યાં છે અને આ માટે કેટલાક સરળ ઉપાયો પણ આપી રહ્યાં છે. ડિજિટલ એલજીર્થી પિડાતા દેશો

ભારતમાં ડિજિટલ એલજીર્ની સ્થિતિ હજુ તેનાં પ્રારંભિક તબક્કામાં છે, જોકે તેનાં લક્ષણો ઝડપથી ઉભરી રહ્યાં છે. ભારતમાં ૮૦ કરોડથી વધુ સ્માર્ટ ફોનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, ખાસ કરીને દિલ્હી, મુંબઈ, બેંગલુરુ, હૈદરાબાદ અને પૂણે જેવાં મહાનગરોમાં સ્માર્ટ ફોનનો ઉપયોગ વધ્યો છે. મોટા પાયે, બાળકો અને કિશોરો પણ ગેમિંગ અને સોશિયલ મીડિયામાં ભાગ લેવા માટે સ્માર્ટ ફોનનો ઉપયોગ કરી રહ્યાં છે. વિશ્વનાં કેટલાક દેશોમાં, ડિજિટલ એલર્જી એક રોગચાળાની જેમ ફેલાઈ રહી છે, અહીં આ સમસ્યા એકદમ વિસ્ફોટક બની ગઈ છે. આમાં દક્ષિણ કોરિયા પ્રથમ સ્થાને, અમેરિકા બીજા સ્થાને અને ચીન ત્રીજા નંબર પર છે. દક્ષિણ કોરિયામાં મોટાભાગનાં યુવાનો ઇન્ટરનેટનાં વ્યસની છે, જેનાં કારણે અહીં ડિજિટલ એલર્જી એક ગંભીર સમસ્યા બની ગઈ છે. આ ડિજિટલ એલજીર્થી છુટકારો મેળવવા માટે માત્ર દક્ષિણ કોરિયાનાં મોટા શહેરોમાં જ નહીં પરંતુ નાનાં શહેરોમાં પણ ડિટોક્સ કેમ્પ અને રિહેબિલિટેશન સેન્ટર ખોલવામાં આવ્યાં છે.

યુવાનોમાં તણાવ અને હતાશા વધી

ડિજિટલ એલજીર્ના લક્ષણો માત્ર શારીરિક રીતે જ દેખાતાં નથી, પરંતુ તેનાં માનસિક લક્ષણો પણ આ યુવાનોમાં જોવા મળે છે, જેમ કે તેમનામાં વધુ તણાવ અને ચીડિયાપણું જોવા મળે છે. યુવાનોમાં સતત ફોકસનો અભાવ જોવા મળી રહ્યો છે. ડિપ્રેશન અને ચિંતાની સમસ્યા શરૂ થઈ ગઈ છે. એટલું જ નહીં, આજકાલ યુવાનોમાં જબરદસ્ત સામાજિક અલગતા જોવા મળી રહી છે.

પરંપરાગત ઘરેલું સંબંધો અને સંબંધીઓ માટે તેમની પાસે બિલકુલ સમય નથી. ડિજિટલ એલજીર્ના કારણે યુવાનોનાં સમય વ્યવસ્થાપન પર ખરાબ અસર પડી છે. તેઓ તેમની ડિજિટલ પ્રવૃત્તિઓમાં ધાર્યા કરતાં વધુ સમય વિતાવી રહ્યાં છે અને જ્યારે અન્ય મહત્વપૂર્ણ કાર્યો માટે સમય બચ્યો નથી, ત્યારે તેઓ અત્યંત ચીડિયા બની જાય છે.

ડિજિટલ એલર્જી ખુલ્લેઆમ કહેવામાં આવતું નથી અથવા દરેક વ્યક્તિ આ શબ્દથી પરિચિત નથી, આજે યુવાનો માટે એક નવી જીવનશૈલી રોગ જેવી બની ગઈ છે. આ કારણે ડીજીટલ ડીવાઈસ પર યુવાનોની નિર્ભરતા અન્ય સમય કરતાં વધુ વધી છે. આજે યુવા પેઢી તેનું ત્રણ-ચતુર્થાંશ કામ ડિજિટલ ઉપકરણો દ્વારા કરી રહી છે. પછી તે અભ્યાસ હોય, ઓફિસનું કામ હોય, મનોરંજન હોય કે પછી તમારાં સામાજિક સંપર્કો માટે લોકો સાથે જોડાયેલાં રહેવું હોય.

ॐकारा

કર્મ એજ ધર્મ | સનાતન એજ સત્ય | આત્મા એજ પરમાત્મા

સનાતન પુનઃઉત્થાન અને સ્થાપનાના મહાસંકલ્પના ધારક



## પ.પુ. શ્રી ૐ કારા પ્રભુ - ૐ દાદા

હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ

: સ્થાપક :

(૧) ૐકારા સંપ્રદાય (૨) ૐદાદા ફાઉન્ડેશન (૩) ૐકારા મહાસંઘ

જીંદગીનું દરેક ડગલું પૂરી તૈયારી અને આત્મવિશ્વાસ સાથે ભરો, દરજી અને સુથાર ના નિયમ મુજબ ‘‘માપવું બે વાર, કાપવું એક જ વાર‘‘ કર્મ સદા સજાગતા પૂર્વક કરીએ...

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

ૐ જ છે આસ્થા,
ૐ માં છે વિશ્વાસ ૐમાં
છે શક્તિ, ૐમાં છે
સંસ્કાર ૐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ૐ ૐ ૐ

# PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લક્ઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્શ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**

**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

# તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS
GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111
KALAVID

નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper



## ડિજિટલ ભારતની સાથે
## તમે પણ બનો ડિજિટલ...









**તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...**

મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ પર**

**Hi લખીને મોકલો**

**98983 17826**

**અને જોડાઇ જાવ અમારી સાથે...**


RAVI ENGLISH INSTITUTE ®
SINCE 2003
Ravi ENGLISH INSTITUTE
Where Growth is A Way of Life
A/C Class
ધો.૪ થી ૧૨ તેમજ ટેટ, ટાટ અને
સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તેમજ ઈઝરાયલ
જેવા દેશોમાં કેર ટેકર તરીકે જવા
ઈચ્છુક વ્યકિતઓ માટે અંગ્રેજી ભાષાનું સચોટ શિક્ષણ.
SPOKEN ENGLISH
૧૦૦% રીઝલ્ટ
ઓરીએન્ટેડ ગેરેન્ટી
અંગ્રેજી આટલું સરળ?
એક વખત અચૂક મુલાકાત લો...
Rasik Mehta
+919879329391
Learn English
Language With
Money Back
Guarantee..
FREE
TRIAL
3 DAYS
અમારી વિશિષ્ટતાઓ
બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષયનું શિક્ષણ પણ મેળવો.
દરેક બેચમાં મર્યાદિત સંખ્યા અને વ્યકિતગત માર્ગદર્શન.
ડેઈલી-વિકલી-મંથલી રીવીઝન સીસ્ટમ.
પ્રોજેકટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.
૧૦,૦૦૦ જેટલા વાકયો તેમજ૧૦,૦૦૦ જેટલા
શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.
નવી બેચિઝ
ટૂંક સમયમાં શરૂ.
SCAN TO
ENJOY VIDEO
FOLLOW US:
Ravi English Institute
You Tube
art house
હેડઓફિસ :
"શ્રી હરી કોમ્પલેક્ષ" પહેલા માળે, યુનિ. રોડ,
ધોળકીયા સ્કુલ સામે, શેરી નં.૭ નો ખુણો,
બોમ્બે હાઉસીંગ સોસાયટી મેઈન રોડ,
રાજકોટ. MO. 98793 29391
બ્રાન્ચ ઓફિસ :
૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ,
ધોળકીયા સ્કુલ પાસે સાગર ચોક,
શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.
MO. 98245 81306



|| શ્રી ગુરૂ દત્તાત્રેયજી ||



|| શ્રી ગણેશાય નમઃ ||



|| શ્રી ગાયત્રી માતાજી ||

# ભાવભર્યું આમંત્રણ

વેદમાતા શ્રી ગાયત્રી માતાજી, શ્રી લક્ષ્મી માતાજી તેમજ
શ્રી સરસ્વતી માતાજીની અસીમ કૃપાથી શ્રી ગુરૂદત્ત જયંતિ નિમિત્તે

## ગુરૂપૂજન

**સં. ૨૦૮૧, માગશર સુદ ૧૫, રવિવાર, તા. ૧૫–૧૨–૨૦૨૪ના**
શુભ દિને આયોજન કરેલ છે. તો આ પાવન અને પવિત્ર પ્રસંગે
સર્વે સેવકગણ તથા ભકતજનોને પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ.

ગુરૂ ગોવિંદ દોઉ ખડે, કાકે લાગુ પાય.
બલિહારી ગુરૂ આપની, ગોવિંદ દિયો બતાય.



## પૂજ્ય ગુરૂદેવ શ્રી લાલબાપુ

**ગુરૂ પૂજન** : સવારે ૬–૦૦ થી મોડી સાંજ સુધી.
**ભોજન પ્રસાદ** : સવારે ૧૦–૦૦ થી મોડી રાત્રિ સુધી.

● નિમંત્રક ●

**પૂ. શ્રી રાજુ ભગત**
**પૂ. શ્રી દોલુ ભગત**
**શ્રી ગાયત્રી આશ્રમ સેવા સમિતિ**
શ્રી ગાયત્રી આશ્રમ, ગધેથડ,
તા. ઉપલેટા, જિ. રાજકોટ.

SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

# સેફાયર છે ને.. !!
# શું કામ ન મળે સપનાનું ઘર...

2 BHK Flats
618 Carpet

3 BHK Flats
824 Carpet

એકવાર સેમ્પલ ફલેટ તો જુઓ, બીજું કંઈ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

# લાઈફ ટાઈમ*
# ડિમેટ એકાઉન્ટ ફ્રી

AM TRADING

## ફ્રી એડવાઈઝરી

- EQUITY STOCK
- IPO/SME IPO
- OPTION TRADING
- NIFTY BANK NIFTY
- COMODITY
- CURRANCY



દરરોજ ફ્રી માહિતી મેળવવા માટે આપેલ QR CODE SCAN કરીને જોઈન કરો.

**Mayuri Bagadai**

63555 17630

AM trading

am_trading71

Design by:- With Me Digital : 9537300305


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઇ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062